સુવિચાર
''મિત્ર, પુસ્તક, રસ્તો અને વિચાર જો ખોટા હોય તો ગુમરાહ કરે છે ને સાચા હોય તો ન્યાલ કરે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૧૨/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ પોષ સુદ-૬ વર્ષ : ૧૭ અંક : ૦૧૨

રાજકોટના મગજ અને જ્ઞાનતંતુના રોગોના નિષ્ણાંત, નસ તથા સ્નાયુના રોગોના એક્સપર્ટ
તારીખ : ૨૬/૧૨/૨૦૨૫
( દર મહિનાના ચોથા શુક્રવારે )
સમય :
સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
24/7 Emergency Services
ડો. હિરલ હાલાણી શેઠ
MD, DM Neurology
(Gold Medalist), DrNB
Fellowship In Neuromuscular Disorders
હવે... બદલાશે સારવારની પરીભાષા
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬

## રેતી ચોરી કરતાં વાહનોની ચેકિંગની કાર્યવાહી શરૂ હોય તે દરમિયાન

# અમરેલીનાં વાંકીયા ગામે પોલીસકર્મી ઉપર કાર ચડાવી દેવાનો પ્રયાસ

### તાલુકા પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલ સહિતનો સ્ટાફ ચેકિંગ કરતો હોય એક ઈસમે ફરજમાં રૂકાવટ કરી

### ફરજ પરનાં ટીઆરબી જવાનને ઘુંટણનાં ભાગે ઈજા પહોંચી

### પોલીસકર્મીઓ ૨ ડમ્પરને લઈ તાલુકા પોલીસ સ્ટેશને પહોંચતા એક ઈસમ ડમ્પર ચાલકને લઈને નાસી ગયો

### રેતીચોરી કરનાર ઈસમોને પોલીસકર્મીઓનો પણ ડર રહ્યો નથી : ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૫

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતાં અજીતદાન ઈરદાન ગઢવી તથા પોલીસ સ્ટાફના માણસો ગઈકાલે તા. ૨૪ના રોજ બપોરના ૧૨:૩૦ થી ૧:૩૦ વાગ્યા દરમ્યાન રેતી ચોરી કરતા વાહનો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી માટે અમરેલી તાલુકાના વાંકીયા ગામ પાસે પોતાની કાયદેસરની ફરજ પર હતા. તે દરમિયાન એક રેતી ભરેલ ડમ્પર તથા એક ખાલી ડમ્પર બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવતા મળી આવેલ હતાં. જેથી પોલીસ સ્ટાફ પોતાની સાથે આ બન્ને ડમ્પરોને પોલીસ સ્ટેશન ખાતે લઈ આવતા હતા તે દરમિયાન અમરેલી તાલુકાના કેરાળા ગામે રહેતાં આરોપી પ્રકાશભાઈ સુરેશભાઈ રાઠોડ પોતાના હવાલાની સફેદ કલરની ફોરવ્હીલ ગાડી નં. જી.જે.–૧૪–એકે–૨૬૧૨ ની લઈ વારંવાર ડમ્પરો આગળ અવરોધ કરી ડમ્પરો સહિતના વાહનોને અટકાવવાનો પ્રયત્ન કરતા હતાં.

ત્યારે અમરેલીના ગાવડકા રોડ ઉપર રાધેશ્યામ ચોકડી પહેલા થોડા અંતરે આરોપીએ પોતાના હવાલાવાળી ગાડી ઉભી રાખી અને રેતી ભરેલ ડમ્પરને પોલીસ સ્ટેશન લઈ જતા અટકાવ્યાં હતાં. જેથી પોલીસ સ્ટાફે આ બાબતે ગાડીના ચાલક

અનુસંધાન પાના ૬ ઉપર

## રહેણાંક વિસ્તારમાં થતાં મારણથી ફફડાટ

# વડિયાનાં કૃષ્ણપરા વિસ્તારમાં બિલેશ્વર મંદિર પાસે સિંહએ ગાયનુ મારણ કર્યુ

### કડકડતી ઠંડીમાં સિંહોની ભુખ પણ વધી



વડિયા, તા. ૨૫

અમરેલી જીલ્લામાં સિંહોની વસ્તી સતત વધતી જાય છે ત્યારે અમરેલી જીલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયા અને તેની આસપાસના વિસ્તારમાં સિંહ પરિવારોના વસવાટ ઘણા સમયથી જોવા મળી રહ્યા છે. વડિયામાં વસવાટ કરતા સિંહ પરિવાર દ્વારા વડિયાના કૃષ્ણપરા વિસ્તારમાં આવેલાં માલધારીઓના વાડા આસપાસથી

અનુસંધાન પાના ૬ ઉપર

## સિટી પીઆઈ દ્વારા કાર્યવાહી કરવામાં આવી

# અમરેલીનાં ચાંદની ચોકમાંથી ચાઈનીશ બનાવટની દોરીની ફીરકીનુ વેચાણ ઝડપાયુ

### ૨ ઈસમો સામે ૫૭ હજારનાં મુદ્દામાલ સાથે કાર્યવાહી



અમરેલી, તા. ૨૫


અમરેલી શહેરમાં આવેલ બહારપરા, ચાંદની ચોક વિસ્તારમાંથી પ્રતિબંધીત ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરીઓની ફીરકીઓ વેચાતી હોય અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશના પોલીસ ઈન્સપેક્ટર ડી.કે. વાઘેલાને બાતમી મળતાં પોલીસે દરોડા પાડી બે ઈસમોને ફિરકી નંગ ૨૭ કીમત રૂપિયા ૫૭,૫૬૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં અમરેલી જીલ્લામાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરા, નાઈલોન દોરા તથા ચાઈનીઝ તુક્કલનું વેચાણ કરતા ઈસમો પકડી પાડી ધોરણસર કરવા અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા સુચના આપેલ હતી. જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશના પોલીસ ઈન્સપેક્ટર ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા ચોક્કસ બાતમી આધારે અમરેલી શહેરમાં આવેલ બટારવાડી, ભુરખીયા ડાયમંડ વાળી શેરીમાં રહેતાં અકરમભાઈ રજાકભાઈ અગવાન, અકરમભાઈ રજાકભાઈ અગવાન તથા અમરેલીના બટારવાડી વિસ્તારમાં આવેલ પટેલ બેકરી પાસે રહેતાં રેહાનભાઈ હુસેનભાઈ બીલખીયા નામનાં બે ઈસમોને ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરીની ફીરકી નંગ–૨૭ કિમત રૂપિયા ૭૫૬૦ તથા મોટર સાયકલ જેની કીમત રૂપિયા ૫૦,૦૦૦ મળી કુલ કીમત રૂપિયા ૫૭,૫૬૦ ના મુદામાલ સાથે બે ઈસમોને ધોરણસર અટક કરી તેમના વિરૂધ્ધ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાલિકાનાં ચીફ ઓફિસર દ્વારા કાર્યવાહી

# અમરેલીમાં પ્રતિબંધીત પ્લાસ્ટિકનું વેચાણ કરનાર સામે દંડનાત્મક કાર્યવાહી

### રૂપિયા રૂા. ૧૦૦નો દંડ ફટકારી ૫૫ કિલો પ્લાસ્ટિક જપ્ત



અમરેલી, તા. ૨૫

અમરેલી નગર પાલિકાના ચીફ ઓફિસર દ્વારા શહેરના પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચાણ કરતા વેપારીઓ ઉપર તવાઈ ઉતારતા રૂ.૨૧૦૦નો દંડ ફટકારી ૫૫ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના દૂષણને ડામવા માટે ચીફ ઓફિસર વિનોદ રાઠોડ ખુદ શહેરની બઝારમાં ઊતરી પડેલ હતા. અને કોઈ પણની શેહ શરમ રાખ્યા વગર

અનુસંધાન પાના ૬ ઉપર

## તસ્કરોએ ધન–દોલત મુકીને પશુઓની કરી ચોરી

# લ્યો બોલો : વડિયાનાં સનાળા ગામે રહેણાંક મકાનમાં બાંધેલ ભેંસની ચોરી કરાઈ

### અજાણ્યા તસ્કર વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૫

અત્યાર સુધી ચોર ઈસમ ઘર અથવા દુકાનમાં ચોરી કરે તો રોકડ રકમ અથવા તો સોના દાગીનાંની ચોરી કરતાં હતાં. પરંતુ ગામ કે શહેરમાં રખડતાં પશુની કોઈ તસ્કરી કરતાં ના હતા. ત્યારે આજે કળિયુગમાં હવે ચોર ઈસમ પશુઓની પણ તસ્કરી કરવાં લાગ્યાં છે. ત્યારે આવો જ એક બનાવ વડિયા તાલુકાના સનાળા ગામે બનેલ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## ઘરનું ગુજરાન ચલાવવાની ચિંતા ઘેરી વળી

# અમરેલીનાં રોકડીયાપરામાં રહેતા યુવકે નબળા વિચારો આવતાં એસિડ પી લીધુ

### યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ

અમરેલી, તા. ૨૫

અમરેલીના રોકડિયાપરા વિસ્તારમાં આવેલ કાળભૈરવ દાદાના મંદિર પાસે રહેતાં અતુલભાઈ ભીખાભાઈ પાટડીયા નામનાં ૩૭ વર્ષીય યુવકને હાથ પગનો દુઃખાવો રહેતો હોય અને ઘરનું ગુજરાન કેમ ચલાવીશ તેવા મનમાં નબળા વિચારો આવતા તા. ૨૪ના રોજ ૧૨:૩૦ કલાકે એસિડ પી જતા સારવાર દરમ્યાન યુવકનું મોત નિપજયાનુંપોલીસમાં જાહેર થવા

અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર
અમરેલી એક્સપ્રેસ દૈનિક...
૧૭ માં વર્ષે હાર્દિક અભિનંદન સહ શુભકામનઓ..
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના
૧૭માં વર્ષના મંગલ પ્રવેશ નિમિતે બાબરા નગરપાલિકાના ઉપપ્રમુખશ્રી હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવે છે.
શુભેચ્છક
શ્રી અંકુરભાઈ જસાણી
ઉપ પ્રમુખશ્રી
નગરપાલિકા - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,24,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૫/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

હાર્દિક શુભકામનાઓ..
અમરેલી જિલ્લા બાર એસોસિયેશનમાં ત્રીજીવાર સેક્રેટરી બનવા બદલ અમારા લાડકવાયા શ્રી જે.આર.વાળા સાહેબ ને અમો હર્ષ અને ગૌરવની લાગણીસભર અભિનંદન સહ શુભકામનાઓ પાઠવીએ છીએ...
એડવોકેટ શ્રી જે.આર.વાળા
સેક્રેટરીશ્રી : બાર એસોસિએશન - અમરેલી
:શુભેચ્છક:
એમ.જે. સૈયદ
ચેતનભાઈ રાવળ
મયુરભાઈ માંજરીયા
એમ.આઈ. તૈલી
તોફીકભાઈ મોગલ
હરેશભાઈ ધાનાણી
પિયુષભાઈ શુકલ
સાબીરભાઈ મોગલ
દિલીપસિંહ બોરીચા
એડવોકેટ્સ - અમરેલી

અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર
અમરેલી એક્સપ્રેસ દૈનિકને...
૧૭ માં વર્ષે..... હાર્દિક અભિનંદન સહ શુભકામનઓ..
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા)
મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫

## સિમેન્ટ કંપની દ્વારા આડેધડ ખોદકામ કરાતા ભયજનક સ્થિતિ


# બાબરકોટની ઓળખ ગણાતા બાજરાનું ઉત્પાદન ઘટી ગયુ

સમગ્ર પંથકમાં વ્યાપક પ્રમાણમાં ખનનથી પ્રદુષણની સમસ્યા વિકરાળ બની ગયાનો આક્ષેપ

ગ્રામ્ય વિસ્તારની જનતા પ્રદુષણથી અનેક પ્રકારનાં રોગોનો શિકાર બની

ગરીબ અને શ્રમિક પરિવારોનાં માનવ અધિકારોનો પણ ભંગ થયાનું જણાવાયું

બાબરકોટનાં સરપંચે વન અને પર્યાવરણ મંત્રીને પત્ર પાઠવીને સમસ્યાનું વર્ણન કર્યુ



અમરેલી, તા. ૨૫

જાફરાબાદનાં બાબરકોટનાં સરપંચ કૈલાસબેન ભાલીયાએરાજયનાંવનઅનેપર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાને પત્ર પાઠવેલછે.

પત્રમાં જણાવેલ છે કે, જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ (નર્મદા સિમેન્ટ વર્કસ) કંપની આવેલ છે. આ કંપનીવર્ષોથીખૂબપ્રદૂષણફેલાવતીરહી છે.આકંપનીગામથીખૂબનજીકઆવેલ છે.જેનાલીધેઆકંપનીધ્વારાકલિંકર, સિમેન્ટ, માટી વગેરે ધ્વારા બેફામ પ્રદુષણફેલાવવામાંઆવેછે.જેનાકારણે ગામના લોકોમાં ગળાની બીમારી, ફેફસાનારોગો,આંખનારોગો,ચામડીની બીમારી, હુમલાની બીમારી, હૃદયરોગનીબીમારી, કેન્સર, પથરીની બીમારી જેવી વિવિધ બીમારીઓ અમારા ગામના લોકોમાં પ્રદુષણ કારણે ખૂબ વધી રહી છે. તેમજ શારીરિક તથા માનસિકબીમારીઓનુંપ્રમાણપણખૂબ વધ્યું છે. અમારા ગામના લોકોનું જીવન જોખમાઈ રહ્યું છે. જેના કારણે ગામના લોકોને જીવન જીવવાના અધિકાર છીનવાઈ રહ્યા છે.

વધુમાં જણાવે છે કે, આ કંપનીનામોટાભારેવાહનોનાઘોંઘાટથી તથા ધ્વની પ્રદુષણનાં કારણે આજુબાજુમાંરહેતાલોકોનાબાળકોના સ્વાસ્થ્ય પર માઠી અસર થાય છે. ધ્વની પ્રદુષણ અને ઘોંઘાટના કારણે બાળકો ઝબકીને જાગી જાય છે અને ભયભીત થાયછે. જેનાકારણેબાળકોસ્વાસ્થ્યપર માઠીઅસર થાય છે. આ કંપની વર્ષોથી પ્રદુષણ ફેલાવતી રહી છે જેના કારણે અમારા ગામના લોકોના આરોગ્ય ઉપર ખૂબ મોટી બીમારીઓની અસરો થઈ રહી છે.

વધુમાં જણાવે છે કે, આજે ગ્લોબલવોર્મિંગજેવીવૈશ્વિકસમસ્યાનું દિનપ્રતિદિનપ્રમાણવધીરહ્યું છે. જેમાં અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ કંપનીનું મહત્વનું યોગદાન રહ્યું છે. આ કંપની ધ્વારાથતુંપ્રદુષણઅમારાગામમાંરહેતા લોકોનાઘરોસુધીબેફામ પ્રદુષણનીડચ, સિમેન્ટ, કોલસો વગેરે વિવિધ માટીનું પ્રદુષણ થતાં અમારા ગામના લોકોને ગામમાંરહેવુંખૂબમુશ્કેલછે. જેનાકારણે અમારા ગામના લોકોને અનેક વિવિધ બીમારીઓ થઈ રહી છે. આથી અમારા ગામનો મૃત્યુદર વધ્યો છે. જેથી અમારા ગામના લોકોને સ્થળાંતર કરવા મજબુર બની રહ્યા છે.

વધુમાં જણાવે છે કે,પર્યાવરણ સંરક્ષણ ધારો ૧૯૮૬ તથા ભારત સરકારના વર્ષ ૨૦૧૩નાં કંપની લો ધારાનું આ અલ્ટ્રાટેકસિમેન્ટ લિમિટેડ કંપની ધ્વારા ખુલ્લેઆમ ઉલ્લંઘન કરેલ છે. જેની ગંભીર નોંધ લઈને આ કંપનીનું ઈસી રદ કરવામાં આવે.

તેમજ અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ (નર્મદા સિમેન્ટ વર્કસ) કંપની ધ્વારાબેફામપ્રદુષણથીપર્યાવરણનેખૂબ નુકસાન કરવામાં આવે છે. આ બાબતે વારંવાર અનેક રજૂઆત કરવામાં આવેછે છતાં પણ તંત્રના પેટનું પાણી હલતું નથી. ગામના બહોળા જન સમુદાયને તથા જાહેરહિત, માનવહિત અને પર્યાવરણને નુકસાન થતું અટકાવવા યોગ્ય કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### યુવા નેતા મનિષ સંઘાણીની અધ્યક્ષતામાં

## અમરેલી ખાતે ગ્રાહક સુરક્ષા દિવસ નિમિત્તે જાગૃતિ સેમિનાર યોજાયો

૭૦ જેટલા સહભાગીઓએ લાભ લીધો



અમરેલી, તા. ૨૫

ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ગ્રાહક સુરક્ષા દિવસ નિમિત્તે ટી.પી. અને શ્રીમતી એમ.ટી. ગાંધી સરકારી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આ સેમિનારનું દીપ પ્રાગટય અને શુભારંભ કરવામાં આવ્યો હતો તમામ ઉપસ્થિત મહેમાનોને બુકે આને શાલથી સન્માનિત કરવામાં આવેલ હતા. આ સેમિનારમાં ૭૦ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો. ત્યારે અધ્યક્ષ સ્થાનેથી યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા ગ્રાહક સુરક્ષાનો કાયદો કઈ રીતે લાગુ થયો આ કાયદાથી આમ જનતાને ફાયદો અને ઉપરાંત ગ્રાહક સુરક્ષા કાયદાનો કયારે ઉપયોગ કરવો જેના વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

### B.SC.ની પરીક્ષામાં

## ધરાઈ : બાલમુકુન્દ હવેલીનાં મુખ્યાજીની દીકરીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ

વિશ્વાબેન જોષી ઉપર અભિનંદનવર્ષા

બાબરા, તા. ૨૫

રાજયના આચાર્ય દેવવ્રતજી અને શિક્ષણમંત્રી પ્રદ્યુમ્ન વાજાના અધ્યક્ષસ્થાને યોજાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૬૦મા પદવીદાન સમારોહમા બાબરા તાલુકા ઘરાઈ ગામના રહેવાસી(હાલ રાજકોટ) અને બાલમુકુન્દ હવેલીના મુખ્યાજીની દીકરી મુખ્યાજી વિશ્વાબેન મયુરભાઈ જોષી જે રાજકોટ ખાતે ક્રાઈસ્ટ કોલેજમા B.SC Botny(Science) નો અભ્યાસ કરી સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંકે ઉતીર્ણ થઈ અને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી તેમના મુખ્યાજી પરિવારનું તેમજ બાબરા તાલુકાનું સમસ્ત સૌરાષ્ટ્ર બ્રહ્મસમાજનું



ગૌરવ વધારેલ છે. બાલમુકુન્દ હવેલીના મુખ્યાજીની લાડલી દીકરી વિશ્વાબેન મયુરભાઈ જોષીને તેમના પરિવાર અને સમસ્ત સૌરાષ્ટ્ર બ્રહ્મસમાજ વતી આનંદસહ ગૌરવની લાગણી અનુભવે છે.

## સાવરકુંડલા ખાતે કારકીર્દી ઘડતર પર માર્ગદર્શક સેમિનાર યોજાયો



સાવરકુંડલા, તા. ૨૫


સાવરકુંડલા શહેરમાં આવેલ નૂતન કેળવણી મંડળ સંચાલિત વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે સાવરકુંડલા દ્વારા કોમર્સ તેમજ આર્ટસના વિદ્યાર્થીઓ માટે કારકીર્દી ઘડતર પર એક ખૂબ જ રસપ્રદ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે નિવૃત પ્રજ્ઞાચક્ષુ પ્રોફેસર ડો. વિજયભાઈ કારિયા હાજર રહ્યા હતા. ડો. વિજયભાઈ કારિયા પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં ગોંડલ મહિલા કોલેજ ખાતે કોમર્સ વિભાગના પ્રોફેસર તરીકે કાર્યરત હતા. આ ઉપરાંત તેઓ મોટીવેશનલ સ્પીકર તરીકે પણ અનેક સ્કૂલ–કોલેજો તેમજ કંપનીઓમાં સેમિનાર આપવા જાય છે. આ ઉપરાંત તેઓ કુશળ ચેસ પ્લેયર અને ઉત્તમ ગાયક પણ છે. પોતાના વકતવ્યમાં તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં કારકિર્દીનું ઘડતર કેવી રીતે કરવું તેના વિશે ખૂબ જ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે કોમર્સ વિભાગના પ્રો. ડો.એચ. આર. દેસરાણી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજના જીજ્ઞેશભાઈ મહેતાએ ટેકનિકલ સપોર્ટ પૂરો પાડ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન પ્રો. ડો. કલ્પેશ રાડીયાસર દ્વારા કરવામાં આવ્યું હતું.

### ચીફ ઓફિસરનાં માર્ગદર્શનતળે

## દામનગર પાલિકા દ્વારા સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી

શહેરીજનોને સ્વચ્છતાં જાળવવા અનુરોધ



અમરેલી, તા. ૨૫

દામનગર શહેરમાં સ્વચ્છતા જાળવી રાખવા સફાઈ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી વહેલી સવારે નગરપાલિકા દ્વારા વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પ્રાદેશિક કમિશનર કડક સુચના બાદ હરકતમાં આવેલા પાલિકા તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં સફાઈ કામગીરી તેજ કરવામાં આવી દામનગર પાલિકાના ચીફ ઓફિસર આજે વહેલી સવારે શહેરના વિવિધ વોર્ડમાં 'સરપ્રાઈઝ વિઝિટ' કરી હતી. આ ઓચિંતા નિરીક્ષણ દરમિયાન તેમણે સફાઈ કામદારોની હાજરી, કચરાના નિકાલની પ્રક્રિયા અને રસ્તાઓ પરની સ્વચ્છતાની ઝીણવટભરી તપાસ કરી હતી. તેમણે સ્થળ પર હાજર રહીને કર્મચારીઓને જરૂરી સુચનાઓ આપી હતી અને સફાઈ કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવા તાકીદ કરી હતી. લોકોમાં જાગૃતિ લાવવા અપીલ સફાઈ ઝુંબેશ દરમિયાન ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે, શહેરને સ્વચ્છ રાખવું એ માત્ર પાલિકાની જ નહીં પરંતુ નાગરિકોની પણ ફરજ છે. પ્રાદેશિક કમિશનરના આદેશ મુજબ આગામી દિવસોમાં પણ આ પ્રકારની આકસ્મિક તપાસ અને સફાઈ ડ્રાઈવ ચાલુ રહેશે.

### સ્વામીનારાયણ નગર સોસાયટી દ્વારા

## બાબરા ખાતે આસ્થા અને ઉત્સાહભેર સોનલ બીજની ઉજવણી કરવામાં આવી

ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ સર્જાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરામાં સ્વામીનારાયણ નગર સોસાયટીમાં રહીશો દ્વારા સોનલબીજની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માતાજીની ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા સોસાયટીમાં વિસ્તારમાં વાજતે ગાજતે નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં રહીશો જોડાયા હતા. ત્યારબાદ માતાજીના ફોટાનું પૂજન અર્ચન અને ધૂન ભજન અને મહાપ્રસાદનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

# ચિતલ ખાતે શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓનું કરાયું સન્માન



પૂર્વ વડાપ્રધાન ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિત્તે રાજય સરકાર દ્વારા આયોજિત 'સુશાસન દિવસ'ની જિલ્લા કક્ષાની ઉજવણી અમરેલી જિલ્લાના ચિત્તલ મુકામે યોજાઈ હતી. આ કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ સુરેશભાઈ પાથરની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડયાએ જણાવ્યું હતું કે, રાજય સરકારની વિવિધ સેવાઓ નાગરિકોને સરળતાથી, સમયસર અને પારદર્શક રીતે પ્રાપ્ત થાય તે માટે દરેક અધિકારી અને કર્મચારી કટીબધ્ધ રહી કામગીરી કરે તે જરૂરી છે. સરકારની યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવવામાં નાગરિકોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તેમજ ઝડપથી લાભ મળે તે દિશામાં સક્રિય અને જવાબદાર અભિગમ અપનાવવાની તેમણે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે શ્રેષ્ઠ કામગીરી કરનારા કર્મયોગીઓ અને કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સુશાસનના મૂલ્યો–પારદર્શિતા, જવાબદારી અને કાર્યક્ષમતાને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે અધિકારીઓ તથા કર્મચારીઓએ પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. 'સુશાસન દિવસ'ની ઉજવણી દ્વારા સરકાર–નાગરિક સંબંધોને વધુ સશક્ત બનાવવાની ભાવનાને ઉજાગર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ અમરેલી તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન, જિલ્લા પંચાયત અમરેલીના જિલ્લા આંકડા અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા પશુપાલન અધિકારી, ચિત્તલ ગામના સરપંચ, ચિત્તલના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### બસપાના માઠા દિવસો

# પહેલી વાર એવું બનશે કે સંસદના એકેય ગૃહમાં બસપાના કોઈ સાંસદ નહીં હોય

## એક મજબૂત ત્રીજા વિકલ્પ તરીકે ઊભરેલી બહુજન સમાજ પાર્ટી આજે પોતાના સૌથી કપરા સમયમાંથી પસાર થઈ રહી છે

લખનઉ, તા.૨૫

ઉત્તર પ્રદેશના ૧૦ રાજ્યસભા સાંસદોનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૬માં ખતમ થઈ રહ્યો છે. આ ૧૦ રાજ્યસભા સાંસદોમાં ભાજપના ૮, સપાના અને બસપાના એક-એક સભ્ય છે. ૨૦૨૬માં રિટાયર થનારા રાજ્યસભા સાંસદોમાં ભાજપમાંથી બૃજલાલ, સીમા દ્વિવેદી, ચંદ્રપ્રભા ઉર્ફ ગીતા, હરદીપ સિંહ પુરી, દિનેશ શર્મા, નીરજ શેખર, અરુણ સિંહ અને બીએલ વર્માનું નામ સામેલ છે. સપામાંથી પ્રોફેસર રામગોપાલ યાદવ અને બસપામાંથી રામજી ગૌતમ છે. રામજી ગૌતમ બાદ બસપા શૂન્ય સાંસદોવાળી પાર્ટી બની જશે. લગભગ ૩૬ વર્ષમાં પહેલી વાર એવું બનશે, જ્યાં સંસદના કોઈ પણ સદનમાં બસપાનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ જશે.

લગભગ બે દાયકા સુધી કોંગ્રેસ-ભારતીય જનતા પાર્ટીની રાજનીતિની વચ્ચે એક મજબૂત ત્રીજા વિકલ્પ તરીકે ઊભરેલી બહુજન સમાજ પાર્ટી આજે પોતાના સૌથી કપરા સમયમાંથી પસાર થઈ રહી છે. દલિત અસ્મિતા અને ઉત્તર પ્રદેશના રાજકારણના સહારે રાષ્ટ્રીય ઓળખ બનાવનારી બીએસપી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં એક પણ સીટ જીતી શકી નહોતી. હવે સ્થિતિ એવી થઈ છે કે પાર્ટી પહેલી વાર સંસદમાંથી સંપૂર્ણપણે બહાર થવાની અણીએ આવી ગઈ છે.

બીએસપીના એકમાત્ર સાંસદ, રાજ્યસભા સાંસદ રામજી ગૌતમનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૬માં સમાપ્ત થઈ જશે. ત્યાર બાદ પાર્ટીની સંસદમાં હાજરી લગભગ ખતમ થઈ જશે. વરિષ્ઠ પત્રકાર વિજય ઉપાધ્યાયે જણાવ્યું કે બહુજન સમાજ પાર્ટી ૨૦૦૭માં ઉત્તર પ્રદેશમાં પૂર્ણ બહુમત સાથે સરકાર બનાવવાની હતી. ત્યાર બાદ સતત બહુજન સમાજ પાર્ટીનો ગ્રાફ નીચે જતો ગયો, તેમાં ખાલી વોટ શેર નહીં પણ સંસદ અને વિધાનસભામાં પણ પાર્ટીનું પ્રતિનિધિત્વ સતત નીચે ગયું છે. ઉત્તર પ્રદેશની વિધાનસભામાં જ્યાં બહુજન સમાજ પાર્ટીના એક સભ્ય છે. તો વળી બિહાર વિધાનસભામાં પણ એક જ સભ્ય છે, આવા સમયે પાર્ટી માટે આ પરીક્ષાની ઘડી ચાલી રહી છે.

તેમણે આગળ કહ્યું કે ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણી પણ થવાની છે. બહુજન સમાજ પાર્ટી સતત કોશિશ કરી રહી છે કે તેઓ પોતાનું સન્માન બચાવી રાખે. એક તરફ જ્યાં નવા ચહેરાને બહુજન સમાજ પાર્ટીએ મોકા આપ્યા છે, તો વળી આશા છે કે જે રીતે સંસદમાં પહેલી વાર આવું થવા જઈ રહ્યું છે કે બહુજન સમાજ પાર્ટીના કોઈ પણ સદનમાં એક પણ સભ્ય નહીં હોય. માનવામાં આવે છે કે બહુજન સમાજ પાર્ટી આમાંથી શીખામણ લેતા કોઈને કોઈ સકારાત્મક રસ્તો પોતાના માટે કાઢી લેશે.

### ત્રણ ટેસ્ટ હારીને સીરિઝ ગુમાવ્યા બાદ ઇંગ્લેન્ડ ક્રિકેટમાં ભૂકંપ

# ઓસ્ટ્રેલિયા સામે એશિઝ ગુમાવ્યા કોચ બદલવા માગ

## ઇંગ્લેન્ડના પૂર્વ સ્પિનર મોન્ટી પાનેસરે ભારતના પૂર્વ કોચ રવિ શાસ્ત્રીને ઈંગ્લેન્ડના મુખ્ય કોચ બનાવવા ભલામણ કરી

સિડની, તા.૨૫

ઓસ્ટ્રેલિયા સામેની એશિઝ સીરિઝમાં સતત ત્રણ ટેસ્ટ હારીને સીરિઝ ગુમાવ્યા બાદ ઈંગ્લેન્ડ ક્રિકેટમાં ભૂકંપ આવ્યો છે. કેપ્ટન બેન સ્ટોક્સ અને કોચ બ્રેન્ડન મેક્કુલમની પ્રખ્યાત 'બેઝબોલ' વ્યૂહરચના ફ્લોપ સાબિત થતા હવે ઈંગ્લેન્ડના પૂર્વ ખેલાડીઓએ જ ટીમના માર્ગદર્શક બદલવાની માંગ કરી છે. ઈંગ્લેન્ડના પૂર્વ સ્પિનર મોન્ટી પાનેસરે ભારતના પૂર્વ કોચ રવિ શાસ્ત્રીને ઈંગ્લેન્ડના મુખ્ય કોચ બનાવવાની જોરદાર ભલામણ કરી છે.મોન્ટી પાનેસરે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડને હવે એવા કોચની જરૂર છે જે ઓસ્ટ્રેલિયાની નબળાઈઓને જાણતા હોય. પાનેસરે કહ્યું કે, 'રવિ શાસ્ત્રી ઈંગ્લેન્ડ માટે સવશ્રેષ્ઠ પસંદગી હોઈ શકે છે. તેમની પાસે ઓસ્ટ્રેલિયાને તેમના જ ઘરઆંગણે હરાવવાનો અનુભવ છે. રવિ શાસ્ત્રી જાણે છે કે ઓસ્ટ્રેલિયનો સામે માનસિક, શારીરિક અને વ્યૂહાત્મક રીતે કેવી રીતે લડવું. જો ઈંગ્લેન્ડે આગળ વધવું હોય તો શાસ્ત્રીને જવાબદારી સોંપવી જોઈએ.'

ઉલ્લેખનીય છે કે, રવિ શાસ્ત્રીના કોચિંગ હેઠળ ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયામાં જે હાંસલ કર્યું છે, તે અત્યાર સુધી અન્ય કોઈ એશિયન ટીમ કરી શકી નથી. તેનાના માર્ગદર્શન હેઠળ ભારતે ઓસ્ટ્રેલિયાને તેની જ ધરતી પર બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં બે વાર હરાવ્યું. ૨૦૧૮-૧૯માં ભારતે ઓસ્ટ્રેલિયામાં પહેલીવાર ટેસ્ટ સીરિઝ જીતી. ૨૦૨૦-૨૧માં ૩૬ રનથી ઓલઆઉટ થયા બાદ ભારતીય ટીમે રવિ શાસ્ત્રીના કોચિંગ હેઠળ શાનદાર વાપસી કરી, અને ઈજાઓથી સંઘર્ષ કરવા છતાં, ટીમ ઈતિહાસ રચવામાં સફળ રહી.

મે ૨૦૨૨માં બ્રેન્ડન મેક્કુલમ કોચ બન્યા ત્યારે તેમણે શરૂઆતમાં ૧૧માંથી ૧૦ ટેસ્ટ જીતીને તરખાટ મચાવ્યો હતો. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે . મેક્કુલમના નેતૃત્વમાં ઈંગ્લેન્ડ ભારત કે ઓસ્ટ્રેલિયા સામેની મોટી પાંચ મેચની સીરિઝ જીતવામાં નિષ્ફળ રહ્યું છે.

ઓસ્ટ્રેલિયન બોલરો સામે ઈંગ્લેન્ડની આક્રમક રમવાની શૈલી (Bazball) આત્મઘાતી સાબિત થઈ રહી છે. બ્રેન્ડન મેક્કુલમનો કરાર ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી છે, પરંતુ એશિઝમાં ૦-૩થી પાછળ રહ્યા બાદ હવે જો ઈંગ્લેન્ડ ૦-૫થી વ્હાઈટવોશ થાય, તો ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ (ECB) આકરા નિર્ણયો લેવા મજબૂર બની શકે છે. શું રવિ શાસ્ત્રી ઈંગ્લેન્ડના કોચ બનવાની ઓફર સ્વીકારશે? આ સવાલ અત્યારે ક્રિકેટ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી લખનઉની મુલાકાતે

# અમારી સરકારે ૩૭૦ની દીવાલ તોડી પાડી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## મોદીએ શ્યામા પ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ૬૫ ફૂટ ઊંચી કાંસાની પ્રતિમાનું અનાવરણ કર્યું

લખનઉ, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે(૨૫ ડિસેમ્બર) ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉની મુલાકાતે છે.

આ દરમિયાન વડાપ્રધાને અટલ બિહારી બાજપેયીની ૧૦૧મી જન્મજયંતી પર રાષ્ટ્ર પ્રેરણા સ્થળનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે પીએમ મોદીએ શ્યામા પ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ૬૫ ફૂટ ઊંચી કાંસાની પ્રતિમાનું અનાવરણ કર્યું. વડાપ્રધાન મોદીએ સંબોધનમાં કહ્યું કે, અમારી સરકારે ૩૭૦ની દીવાલ તોડી પાડી.

વડાપ્રધાન મોદીએ તેમના સંબોધનમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના યોગદાનને યાદ કરતાં કહ્યું કે, તેમણે દેશને નિર્ણાયક દિશા આપી. ડૉ. મુખર્જીએ "બે કાયદા, બે ધ્વજ અને બે વડા"ની વ્યવસ્થાને સંપૂર્ણપણે નકારી કાઢી હતી, જે સ્વતંત્રતા પછી પણ જમ્મુ અને કાશ્મીરમાં અમલમાં હતી અને ભારતની અખંડિતતા માટે એક મોટો પડકાર રહી હતી.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, ગર્વની વાત છે કે અમારી સરકારને અનુચ્છેદ ૩૭૦ની દીવાલ તોડી પાડવાનો અવસર મળ્યો અને આજે ભારતનું બંધારણ જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણરીતે લાગુ પડે છે. મેડ ઈન ઈન્ડિયાને લઈને તેમણે કહ્યું કે, આજે મેડ ઈન ઈન્ડિયા ઉત્પાદનો વિશ્વભરમાં પહોંચી રહ્યા છે. જ્યારે ઉત્તર પ્રદેશમાં બની રહેલા મુખ્ય સંરક્ષણ કોરિડોરનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, દેશની સંરક્ષણ ક્ષમતાઓ મજબૂત થઈ રહી છે.ઓપરેશન સિંદૂર વિશે વાત કરતાં વડાપ્રધાને કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન બ્રમ્હોસ મિસાઈલની તાકાત જોવા મળી, તેનું નિર્માણ લખનઉમાં થઈ રહ્યું છે. જેને ભારતની ટેકનિક અને ઔદ્યોગિક ક્ષમતાનું પ્રતિક માનવામાં આવે છે. જ્યારે ઉત્તર પ્રદેશમાં બની રહેલા મુખ્ય સંરક્ષણ કોરિડોરનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, 'દેશની સંરક્ષણ ક્ષમતાઓ મજબૂત થઈ રહી છે.'

ઓપરેશન સિંદૂર વિશે વાત કરતાં વડાપ્રધાને કહ્યું કે, 'ઓપરેશન સિંદૂર દરમિયાન બ્રમ્હોસ મિસાઈલની તાકાત જોવા મળી, તેનું નિર્માણ લખનઉમાં થઈ રહ્યું છે. જેને ભારતની ટેકનિક અને ઔદ્યોગિક ક્ષમતાનું પ્રતિક માનવામાં આવે છે.'

પીએમ મોદીએ કહ્યું કે, આજે અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિત્તો સુશાસનની ઉજવણીને પણ યાદ કરવામાં આવી રહી છે. લાંબા સમયથી ફક્ત ગરીબી હટાઓ જેવા નારાઓને જ શાસન માનવામાં આવતું હતું, પરંતુ અટલજીએ જમીન પર સુશાસનનું પ્રદર્શન કર્યું. વર્ષ ૨૦૧૪ પહેલા આશરે ૨૫ કરોડ લોકો સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ હતા, જ્યારે આજે લગભગ ૯૫ કરોડ ભારતીયો આ સુરક્ષા કવચ સાથે જોડાયેલા છે.

### ૪૫ બેઠકો પર બદલાઈ શકે છે સમીકરણ

# ચૂંટણી પહેલા મતુઆ વોટર્સને લઈને બંગાળમાં રાજકારણ ગરમાયું

## મતુઆ સમુદાયના ઘણા લોકો એવા છે જેઓ ૨૦૦૨ પછી ભારતમાં આવ્યા છે અથવા તેમની પાસે તે સમયના પુરાવા નથી

કોલકાતા, તા.૨૫

પશ્ચિમ બંગાળમાં આશરે ૪૫ બેઠકો એવી છે જ્યાં મતુઆ સમુદાયના લોકો જેમને મત આપે તેમની જીત નક્કી માનવામાં આવે છે. આ સમુદાયના મોટાભાગના લોકો વર્ષો પહેલા બાંગ્લાદેશથી શરણાર્થી તરીકે ભારત આવ્યા હતા. અત્યારે વિવાદનું મુખ્ય કારણ ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી રહેલું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) એટલે કે મતદાર યાદીની ખાસ તપાસ છે. આ પ્રક્રિયામાં ૨૦૦૨ની જૂની મતદાર યાદીને આધાર માનવામાં આવી છે. મતુઆ સમુદાયના ઘણા લોકો એવા છે જેઓ ૨૦૦૨ પછી ભારતમાં આવ્યા છે અથવા તેમની પાસે તે સમયના કોઈ પુરાવા નથી. પરિણામે, લાખો લોકોના નામ નવી યાદીમાંથી કપાઈ જવાનો ડર છે, જેના કારણે તેમનો વોટ આપવાનો અધિકાર છીનવાઈ શકે છે. આ જ કારણ છે કે મમતા બેનર્જી અને ભાજપ બંને આ મુદ્દે સામસામે આવી ગયા છે, એક તરફ ઓળખ અને નાગરિકતાનો સવાલ છે, તો બીજી તરફ આ સમુદાયના લાખો મતો પર બંગાળની સત્તાનું ભાવિ ટકેલું છે.

ચૂંટણી પંચે તાજેતરમાં મતદાર યાદીનો ડ્રાફ્ટ જાહેર કર્યો છે, જેમાં ૫૮ લાખથી વધુ નામો હટાવવામાં આવ્યા છે. આને કારણે રાજ્યમાં મતદારોની સંખ્યા ૭.૬૬ કરોડથી ઘટીને ૭.૦૮ કરોડ થઈ ગઈ છે. મતુઆ સમુદાયના ગઢ ગણાતા વિસ્તારો જેવા કે ગાઈઘાટા(૧૪.૫%), હાબરા(૧૩.૬%) અને બાગદા(૧૨.૭%)માં મોટી સંખ્યામાં મતદારો અનમેપ્ડ જણાયા છે.

પંચ ૨૦૦૨ની મતદાર યાદીને વેરિફિકેશન માટે ટેમ્પલેટ તરીકે વાપરી રહ્યું છે. જેમના પૂર્વજોના નામ આ યાદીમાં નથી, તેઓએ હવે પોતાની નાગરિકતા સાબિત કરવા માટે ૧૯૫૦ કે ૧૯૭૧ પહેલાના દસ્તાવેજો રજૂ કરવા પડશે, જે આ વિસ્થાપિત સમુદાય માટે અત્યંત મુશ્કેલ છે.મતુઆ સમુદાય મૂળભૂત રીતે પૂર્વી પાકિસ્તાન(વર્તમાન બાંગ્લાદેશ)થી ધાર્મિક ઉત્પીડનને કારણે ભારત આવેલા નામશૂદ્ર (અનુસૂચિત જાતિ) સમુદાયના લોકો છે. આ સમુદાયની સ્થાપના ૧૯મી સદીમાં હરિચંદ ઠાકુર દ્વારા કરવામાં આવી હતી, જેમણે બ્રાહ્મણવાદ વિરોધી અને જાતિવાદ મુક્ત સમાનતાનો પ્રબળ સંદેશ ફેલાવ્યો હતો. તેમની વિચારધારા સામાજિક ન્યાય અને માનવીય ગરિમા પર આધારિત છે. વસ્તીની દૃષ્ટિએ જોઈએ તો, પશ્ચિમ બંગાળમાં અનુસૂચિત જાતિઓમાં રાજવંશીઓ પછી મતુઆ સમુદાય બીજો સૌથી મોટો અને પ્રભાવશાળી સમુદાય છે.

૨૦ ડિસેમ્બરે પીએમ નરેન્દ્ર મોદીની નદિયા જિલ્લાના રાનાઘાટની મુલાકાત ખૂબ જ મહત્ત્વની હતી. જોકે, ખરાબ હવામાનને કારણે તેમનું હેલિકોપ્ટર ઉતરી શક્યું નહીં અને તેમણે વર્ચ્યુઅલ સંબોધન કર્યું. પરંતુ આ સંબોધનમાં જીૈંઇના મુદ્દે તેમની ચુપકીદીએ મતુઆ સમુદાયના એક વર્ગમાં ચિંતા વધારી દીધી છે.

ભાજપ માટે મતુઆ સમુદાય ધાર્મિક રીતે સતાવાયેલા હિન્દુ શરણાર્થીઓ છે, જેમને ઝછછ દ્વારા નાગરિકતા આપવાનો વાયદો કરવામાં આવ્યો છે. બીજી તરફ, ્સ્ઝ સાંસદ મમતા બાલા ઠાકુરનો દાવો છે કે ઝછછની જટિલ પ્રક્રિયાને કારણે ૯૫% મતુઆઓ પાસે જરૂરી દસ્તાવેજો જ નથી. ્સ્ઝ આ સમુદાયને બિનશરતી નાગરિકતા આપવાની માંગ કરી રહી છે.

### અક્ષય ખન્ના રાતોરાત સ્ટાર બની ગયો

# પહેલાં રણવીરે ડોન ૩ અને હવે અક્ષયે દૃશ્યમ ૩ છોડી

## દૃષ્યમ ૩ અભિષેક પાઠક દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે અને અજય દેવગન તેમાં ફરી એક વખત વિજય સલગાંવકરના રોલમાં જોવા મળશે

મુંબઈ, તા.૨૫

એક તરફ અક્ષય ખન્નાના ધુરંધરમાં અભિનયના ભારોભાર વખાણ થઈ રહ્યા છે, તેની રીલ્સ વાયરલ થઈ રહી છે, જાણે અક્ષય ખન્ના રાતોરાત સ્ટાર બની ગયો છે. ત્યારે બીજી તરફ તેણે એક મહત્વની ફિલ્મ છોડી દીધી હોવાના અહેવાલો છે. અજય દેવગનની અતિ લોકપ્રિય ફ્રેન્ચાઈઝી દૃશ્યમમાં અક્ષય ખન્ના એક પોલિસ અધિકારીના રોલમાં જોવા મળ્યો છે. તાજેતરમાં જ અજય દેવગને આ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મની જાહેરાત કરી છે. ત્યારે હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે અક્ષય ખન્ના આ ફિલ્મનો ભાગ નથી. વળતર અને ક્રેએટીવ ડિરેકશન બાબતે પ્રોડક્સન ટીમ સાથે અસમહતીને કારણે અક્ષયે આ ફિલ્મ છોડી હોવાના અહેવાલો છે. આ અંગે ખુબ ચર્ચા છે અને ધુરંધરના પગલે રનવીરે ડોન ૩ છોડ્યા પછી આ સમાચાર વધુ ધ્યાન ખેંચી રહ્યા છે, પરંતુ અક્ષય ખન્ના તરફથી આ અંગે કોઈ જ કન્ફર્મેશન કે સ્પષ્ટતા આપવામાં આવી નથી. ધુરંધરની સફળતા પછી અક્ષય ખન્નાએ આ રોલ માટે ઘણી વધારે ફી માગી હોવાની ચર્ચા છે. ધુરંધરમાં તેનું પાત્ર વખણાયા પછી તેણે દૃષ્યમની ટીમ સાથે વળતર મુદ્દે ઘણી વાટાઘાટો કરી હતી. જેમાં તે મેકર્સ સાથે સહમત થઈ શક્યો નહીં. આ ઉપરાંત ક્રિએટીવ અસમહતીને પણ આ નિર્ણય પાછળનું કારણ માનવામાં આવે છે. અક્ષયે સ્ક્રિપ્ટમાં તેના રોલમાં કેટલાંક મહત્વના સુધારા કરવા મેકર્સને વિનંતિ કરી હતી. મેકર્સને ફિલ્મની દૃષ્ટિએ એ સુધારા યોગ્ય લાગતા નહોતા. તેથી તેણે આ ફિલ્મ છોડી હોવાની પણ ચર્ચા છે. છતાં સુત્રો એવું પણ કહે છે કે, આ કોઈ આખરી નિર્ણય નથી, હજુ શૂટ શરૂ થયું નથી, તેથી આ મુદ્દે વધુ વાટાઘાટો થઈ શકે છે અને અક્ષય ફિલ્મમાં પાછો પણ ફરી શકે છે. દૃષ્યમ ૩ અભિષેક પાઠક દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે અને અજય દેવગન તેમાં ફરી એક વખત વિજય સલગાંવકરના રોલમાં જોવા મળશે.

આ ફિલ્મમાં ફરી જુની કાસ્ટમાંથી તબુ, શ્રિયા સરન અને ઈશિતા દત્તા સહિતના કલાકારો જોવા મળશે. અજય દેવગને જાહેરાત કર્યા મુજબ આ ફિલ્મ ૨ ઓક્ટોબર, ૨૦૨૬ના દિવસે રિલીઝ થશે. આ ફિલ્મની લોકપ્રિયતાના કારણે તેના કાસ્ટિંગ પર પણ દર્શકની ખાસ નજર રહે છે. બીજી તરફ અક્ષય ખન્નાની ધુરંધર હાલ બોક્સિ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે અને તેના બીજા ભાગ ધુરંધર ૨ની રિલીઝ ડેટ પણ જાહેર થઈ ગઈ છે, જે ૧૯ માર્ચ ૨૦૨૬ના દિવસે રિલીઝ થશે. આ ફિલ્મમાં અક્ષય ખન્ના સાથે રનવીર સિંહ, અર્જૂન રામપાલ, સંજય દત્ત, આર.માધવન, સારા અર્જૂન અને રાકેશ બેદી પણ મહત્વના રોલમાં છે.

### જાણો તાંજાવુર શૈલીની આ કલાકૃતિની વિશેષતા

# રામ મંદિરના 'અંગદ ટીલા' ઉપર સ્થપાશે રામલલાની સુવર્ણ પ્રતિમા

## કર્ણાટકના બેંગલુરુના રહેવાસી જયશ્રીફનીશ દ્વારા અર્પણ કરાયેલી આ પ્રતિમા મંગળવારે સાંજે અયોધ્યા પહોંચી

અયોધ્યા, તા.૨૫

અયોધ્યામાં રામલલા મંદિર પરિસરમાં ટૂંક સમયમાં એક ભવ્ય અને કિંમતી સુવર્ણ પ્રતિમા બિરાજમાન કરાશે. કર્ણાટકના બેંગલુરુના રહેવાસી જયશ્રીફનીશ દ્વારા અર્પણ કરાયેલી આ પ્રતિમા મંગળવારે સાંજે અયોધ્યા પહોંચી ગઈ હતી. આ સુવર્ણ પ્રતિમા પર હીરા, માણેક અને પન્ના જેવા કિંમતી રત્નો જડવામાં આવ્યા છે. આ મૂર્તિનું મૂલ્ય જાહેર કરાયું નથી, પરંતુ એવું કહેવાય છે કે તેની કિંમત રૂ. ૩૦ કરોડ જેટલી હોઈ શકે છે.

આ દક્ષિણ ભારતની પરંપરાગત તાંજાવુર શૈલીમાં તૈયાર કરાયેલી માત્ર એક કલાકૃતિ નથી, પરંતુ આપણો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો છે. સોનાના વરખ અને કિંમતી રત્નોના જડતર સાથેની આ કલાકૃતિ જયશ્રી ફનીશે જ તૈયાર કરી છે, જે તેમણે 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર' ટ્રસ્ટને દાનમાં આપી દીધી છે. આ કલાકૃતિ બેંગલુરુથી ૧,૯૦૦ કિલોમીટર દૂર અયોધ્યા સુધી પહોંચાડવા જયશ્રી ફનીશે ભારતીય ટપાલ વિભાગની મદદ લીધી હતી.

દક્ષિણ ભારતીય શૈલીમાં તૈયાર કરાયેલી આ મૂર્તિ આશરે ૧૨ ફૂટ ઊંચી અને ૮ ફૂટ પહોળી છે, જ્યારે તેનું વજન ૬૦૦ કિલો જેટલું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય ડૉ. અનિલ મિશ્રાએ જણાવ્યું હતું કે, 'આ દાતાએ તેમની ઓળખ ગુપ્ત રાખી છે. હાલ મૂર્તિની વિવિધ સ્તરે ચોકસાઈ કરાઈ રહી છે.' આ ઉપરાંત હીરા, નીલમ અને સોનાથી મઢેલી આ મૂર્તિમાં કઈ ધાતુ-રત્નોનો કેટલો ઉપયોગ થયો છે, તેની પણ નિષ્ણાતો દ્વારા તપાસ કરાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ ભવ્ય પ્રતિમાને રામ મંદિરના સંત તુલસીદાસ મંદિર પાસે આવેલા 'અંગદ ટીલા' પર સ્થાપિત કરાશે. પ્રતિમાના અનાવરણ બાદ એક ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પણ યોજાશે, જેમાં દેશભરના સાધુ-સંતો અને મહંતો ઉપસ્થિત રહેશે.

રામલલાની આ મૂર્તિ તૈયાર કર્યા પછી સૌથી મોટો પડકાર બેંગલુરુથી અયોધ્યા સુધી તેને પહોંચાડવાનો હતો. આ માટે ભારતીય ટપાલ વિભાગે બીડું ઝડપી લીધું હતું. ૧૨ ફૂટ ઊંચાઈ અને ૮ ફૂટ પહોળાઈ ધરાવતી આ કલાકૃતિનું વજન આશરે ૬૦૦ કિલોગ્રામ હતું, પરંતુ પેકિંગ કરતા જ તેનું વજન ૮૦૦ કિલોએ પહોંચ્યું હતું.

આટલા લાંબા પ્રવાસમાં મૂર્તિને કોઈ પણ પ્રકારના સંભવિત નુકસાનથી બચાવવા તેના પર મલ્ટિ-લેયર બબલ રેપિંગ કરાયું હતું. એટલું જ નહીં, તેને ખાસ ડિઝાઈન કરેલા લાકડાના બોક્સમાં પેક કરાઈ હતી.

૧૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બેંગલુરુથી આ મૂર્તિ લઈને રવાના થયેલું વાહન હૈદરાબાદ, નાગપુર, જબલપુર, રીવા અને પ્રયાગરાજ થઈને આશરે ૧,૯૦૦ કિલોમીટરનું અંતર કાપી ૨૨ ડિસેમ્બરે અયોધ્યા પહોંચ્યું હતું. આ સમગ્ર મુસાફરીમાં ટપાલ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સતત વાહનની સાથે રહ્યા હતા. અયોધ્યા પહોંચીને પણ મૂર્તિનું પેકેટ ક્રેન અને આધુનિક ઉપકરણો દ્વારા અનલોડ કરાયું હતું. આમ, અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહા સચિવ ચંપત રાયની હાજરીમાં આ કલાકૃતિ વિધિવત રીતે ટ્રસ્ટને સોંપાઈ હતી.

આ મિશન ભારતીય ટપાલ વિભાગ માટે એક સિદ્ધિ સમાન છે. કર્ણાટક, તેલંગાણા, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ એમ પાંચ રાજ્યોના પોસ્ટલ સર્કલ વચ્ચેના શ્રેષ્ઠ સંકલનને કારણે જ ખૂબ સરળતાથી આ મૂર્તિ અયોધ્યા પહોંચી શકી હતી. અંતિમ તબક્કામાં તો રસ્તામાં ગાઢ ધુમ્મસનો સામનો કરીને મૂર્તિને સુરક્ષિત રીતે અયોધ્યા પહોંચાડાઈ હતી.

રામલલાના પ્રાણ પ્રતિષ્ઠાના બે વર્ષ પૂર્ણ થવાના અવસરે ૨૯ ડિસેમ્બર ૨૦૨૫થી ૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન 'પ્રતિષ્ઠા દ્વાદશી'ની ભવ્ય ઉજવણી કરાશે. આ પાંચ દિવસીય મહોત્સવમાં રામ મંદિરના ગર્ભગૃહમાં અભિષેક, શૃંગાર, ભોગ અને પ્રાગટ્ય આરતી જેવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે.

### સુરેન્દ્રનગરના જમીન કૌભાંડમાં મોટો ધડાકો

# કમિશન અને દલાલોના નામ લખેલા દસ્તાવેજો મળ્યા

## નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીએ એક કરોડની લાંચ લીધી છે અને તેમા કલેક્ટર, ક્લાર્ક અને પીએ સામેલ

સુરેન્દ્રનગર, તા.૨૫

સુરેન્દ્રનગરમાં ૧૫૦૦ કરોડના જમીન NA કૌભાંડમાં એક બાદ એક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. એક શીટની મદદથી સૌથી મોટા જમીન કૌભાંડનો ઘટસ્ફોટ થયો છે. ACBમાં નોંધાયેલી ફરિયાદમાં ખુલાસો થયો છે કે, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીએ એક કરોડની લાંચ લીધી છે અને તેમા કલેક્ટર રાજેન્દ્ર પટેલ,ક્લાર્ક મયુર ગોહિલ અને પીએ જયરાજસિંહ ઝાલા પણ સામેલ હતા. આટલુ જ નહીં, એક શીટમાં દલાલોના નામ અને તેમને આપવાની રકમ પણ લખેલી હોવાનું સામે આવ્યું છે. ૨૩ ડિસેમ્બરે દિલ્હીથી આવેલી ઈડીની સ્પેશિયલ ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીને ત્યાં દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ચંદ્રસિંહ મોરીના રહેણાંક પરિસરમાંથી ૬૭.૫૦ લાખની રોકડ રકમ જપ્ત કરવામાં આવી હતી. આ રોકડ રકમ તેમના બેડરૂમમાં છૂપાવેલી હતી. આરોપી ચંદ્રસિંહ મોરીએ ૨૩ ડિસેમ્બરે નોંધાયેલા નિવેદનમાં સ્વીકાર્યું છે કે જપ્ત કરાયેલી રોકડ રકમ જમીનના હેતુફેરની અરજીઓના ઝડપી નિકાલ માટે સીધી રીતે અથવા વચેટિયાઓ મારફતે અરજદારો પાસેથી એકઠી કરેલી લાંચની રકમ છે. ચંદ્રસિંહ મોરીએ ઈડી સમક્ષ સ્વીકાર્યું હતું કે,જમીનની ફાઈલ ક્લિયર કરવા માટે સ્કવેર મીટર દીઠ ૧૦ રૂપિયાના ભાવથી લાંચ લેવામાં આવતી હતી. ચંદ્રસિંહ મોરી પાસેથી મળેલા દસ્તાવેજોમાં એક કરોડની લાંચ લીધી હોવાના પૂરાવા પણ હાથ લાગ્યા હતા. ઉપરાંત ચંદ્રસિંહ મોરીએ સ્વીકાર્યું છે કે,જિલ્લા કલેક્ટર રાજેન્દ્ર પટેલ, ક્લાર્ક મયુર ગોહિલ, કલેક્ટરના પીએ જયરાજસિંહ ઝાલા પણ આ કૌભાંડમાં સામેલ છે અને લાંચના પણ ભાગીદાર છે. ઈડીને સર્ચ દરમિયાન એક પ્રિન્ટેડ શીટ મળી આવી હતી જેમાં ઓનલાઈન અરજીનો નંબર,જમીનની વિગત, સર્વે નંબર,ક્યા પ્રકારની અરજી છે સહિતની વિગતો હતી. આ ઉપરાંત ક્યા અરજદાર પાસે કેટલી લાંચ લેવામાં આવી તેની પણ વિગતો હતી. આ શીટમાં વચેટિયાઓ, કમિશન એજન્ટના પણ નામ હતા. કૌભાંડ હેતુફેર અંતર્ગત થયેલી અરજીઓને લઈ આચરવામાં આવતું હતું.

નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી પાસે જમીનના દ્રછ બાબતે પાવર હતા અને આ પાવરનો તે દુરૂપયોગ કરતો હતો. ઈઙ્ઘની તપાસમાં એવો પણ ખુલાસો થયો છે કે,વચેટિયાઓ અને એજન્ટો મારફતે જમીન દ્રછ કરાવામાં આવતી હતી. આયોજનબદ્ધ રીતે ખંડણી અને ગેરકાયદેસર રીતે લાભ કરાવીને દ્રછ કૌભાંડ ચલાવવામાં આવ્યું હતું.

સુરેન્દ્રનગરના જમીન કૌભાંડમાં ફરિયાદી મીડિયા સામે આવ્યા હતા. જમીનના દ્રછ વગર જ સોલાર કંપનીએ કામ શરૂ કર્યું હતું. ઘુડખર અભયારણ્ય નજીક હોવા છતાં કલેક્ટરે સોલાર પ્લાન્ટની મંજૂરી આપી હતી. મોટી માલવણ ગામમાં સોલાર પ્લાન્ટમાં ભ્રષ્ટાચારની ફરિયાદ કરવામાં આવી હતી. ૬૦ કરોડના પ્રોજેક્ટની મંજૂરી સામે ૮૫૦ કરોડનો પ્રોજેક્ટ બનાવ્યો છે. સંકલન બેઠકથી લઈને પીએમઓ સુધી ખેડૂતે ફરિયાદ કરી હતી. જિલ્લા કલેક્ટરે ભ્રષ્ટાચાર કર્યો હોવાની ફરિયાદ કરી હતી.

# ગુજરાતના ૧૦ યુવકો મ્યાનમારમાં ફસાયા

## અમને અલગ જ કામ કરાવે છે, અમને ક્યાંય જવા પણ નથી દેતા અને ૧૪થી ૧૮ કલાક સુધી કામ કરાવે છે

મ્યાનમાર, તા.૨૫

વિદેશમાં નોકરીનું વળગણ ગુજરાતના ૧૦ યુવકોને ભારે પડ્યું છે. સાવલી તાલુકાના સાંઢાસાલ ગામના ગુંજન શાહ સહિત ગુજરાતના કુલ દસ યુવકો નોકરીની લાલચે ગયા બાદ મ્યાનમારમાં ફસાયા છે. છેલ્લા વીસ દિવસ અટવાયા બાદ યુવકોએ વીડિયો વાયરલ કરી મદદ માટે પોકાર લગાવ્યો છે. વાયરલ વીડિયોમાં અનેક યુવકો દેખાઈ રહ્યા છે. જેમાંથી એક યુવકે આપવીતી જણાવતાં કહ્યું હતું કે અમને દગો કરીને અહીં લાવવામાં આવ્યા છે. અમને કામ આપવાના બહાને કહ્યું હતું કે તમને ડેટા એન્ટ્રીનું કામ મળશે. કોઈને જાહેરાત કરવાની લાલચ આપી બોલાવવામાં આવ્યા, અહીં આવ્યા ત્યારે ખબર પડી કે અમને અલગ જ કામ કરાવે છે એ પણ બળજબરીપૂર્વક, અમને ક્યાંય જવા પણ નથી દેતા અને ૧૪થી ૧૮ કલાક સુધી કામ કરાવે છે. વીડિયોમાં ઘણા બધા યુવકો અને યુવતીઓ છે જે મોઢે માસ્ક પહેરી ઊભા છે.

વધુમાં યુવકે જગ્યાનું નામ આપતાં જણાવ્યું કે અમને કંપનીમાંથી નીકળવાનો મોકો મળ્યો એટલે મ્યાનમારમાં માયાવાડી કરીને વિસ્તાર છે જ્યાં એક દર્દ છે ત્યાં ૪ ડિસેમ્બરથી અમે રોકાયેલા છીએ, ૭ તારીખે અમારું ઈમિગ્રેશન થઈ ચૂક્યું છે. પરંતુ અમારી પાસે ફોન નથી એટલે અમે કોઈનો કોન્ટેક્ટ નથી કરી શકતા, તો અમે ભારત સરકારને વિનંતી કરીએ છીએ કે દરેક રાજ્યમાંથી અહીંયા લોકો ફસાયેલા છે. જો તમને આ વીડિયો મળે તો અમને અહીંથી કાઢવાનો પ્રયાસ કરો

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ પ્રકારના રેકેટ બાબતે લોકોને જાગૃત કરતો એક વીડિયો બનાવવામાં આવ્યો હતો. જેને જોયા બાદ પોતે પણ ફસાયા અને છેતરાયા હોવાનું પ્રતીત થતાં કંપનીમાંથી ગુજરાતના ૧૦ સહિત દેશના અનેક રાજ્યોના યુવકો કંપનીમાંથી છટકબારી શોધી ભાગી છૂટયા હતા. જેમાંથી સાવલીના સાંઢાસાલ ગામનો ગુંજન શાહ નામનો યુવક પણ વીસથી વધુ દિવસથી ત્યાં ફસાયો છે. પરિવારને ફસાયેલા યુવકો અંગે જાણ થતાં તે ચિંતાતુર બન્યો છે. અને ગુજરાત અને ભારત સરકારને યોગ્ય મદદ માટે રજૂઆત કરી રહ્યો છે. ગુંજન શાહની માતાએ ગળે ડૂમો ભરાયેલી શબ્દોમાં કહ્યું કે મારો દીકરો થાઈલૅન્ડના તાકમાં ચાર મહિનાથી ગયો હતો છેલ્લા ૨૦ દિવસથી તેમણે અજુગતું લાગતાં ત્યાંથી નીકળી મ્યાનમાર જઈ ત્યાં ફાઈલ રિપોર્ટ આપી દીધા છે. જે અમે પણ સરકારને સોંપી દીધા છે પણ હજુ સુધી કોઈ એક્શન લેવામાં આવ્યા નથી.

### ગુજરાતની રાજનીતિના મોટા સમાચાર

# જેઠા ભરવાડે વિધાનસભાના ઉપાધ્યક્ષ પદેથી આપ્યું રાજીનામું

## વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું સોંપ્યું

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના રાજકારણમાં સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. જેઠા ભરવાડે (આહીર) ગુજરાતના વિધાનસભાના ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધું છે. જેઠા ભરવાડે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને પોતાનું રાજીનામું સોંપ્યું છે. કામના ભારણનું કારણ બતાવીને જેઠા ભરવાડે રાજીનામું આપ્યાંનું સામે આવી રહ્યું છે. જેઠાભાઈ આહીરે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને જઈને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. આ સમયે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ સંગઠન મંત્રી રત્નાકરજી પણ ઉપસ્થિત રહ્યા હતા. અધ્યક્ષ શંકરભાઈએ જેઠાભાઈ આહીરના રાજીનામાને સ્વીકાર્યું હોવાનું અધિકૃત રીતે જાહેર કરવામાં આવ્યું છે. રાજીનામા પાછળ જેઠાભાઈ આહીરે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, તેમની ઉપર અન્ય હોદ્દાઓની જવાબદારીઓ વધતા તેઓ ઉપાધ્યક્ષ પદ માટે પૂરતો સમય આપી શકતા નથી, જેના કારણે તેમણે આ નિર્ણય લીધો છે. જોકે રાજીનામું અચાનક આવ્યું હોવાથી વિધાનસભા અને રાજકીય વર્તુળોમાં વિવિધ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જેઠાભાઈ આહીર રાજ્યના અનુભવી રાજકારણી ગણાય છે અને વિધાનસભામાં તેમની ભૂમિકા સક્રિય અને સંતુલિત રહી છે. ઉપાધ્યક્ષ તરીકે તેમણે સભાની કાર્યવાહી સુચારૂ રીતે ચલાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમના રાજીનામાથી હવે આ પદ ખાલી પડ્યું છે અને આગામી દિવસોમાં આ પદે નવી નિમણૂક અંગે રાજકીય ચર્ચાઓ તેજ બનવાની શક્યતા છે.

હાલ સુધી સરકાર કે પક્ષ તરફથી રાજીનામા પાછળ અન્ય કોઈ કારણ અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. સત્તાવાર રીતે વ્યસ્તતાનું કારણ જ આગળ ધરવામાં આવ્યું છે. તેમ છતાં, વિધાનસભાના મહત્વના પદ પરથી અચાનક રાજીનામું આવતા રાજકીય તાપમાન વધ્યું હોવાનું સ્પષ્ટ રીતે જોવાઈ રહ્યું છે.

આગામી દિવસોમાં ઉપાધ્યક્ષ પદ માટે કોણ જવાબદારી સંભાળશે અને આ રાજીનામા પાછળ કોઈ રાજકીય સંકેત છુપાયેલો છે કે નહીં, તે અંગે સ્પષ્ટતા થવાની શક્યતા છે. હાલ માટે તો જેઠાભાઈ આહીરના રાજીનામાને માત્ર વહીવટી અને વ્યસ્તતાના કારણસર લેવાયેલો નિર્ણય ગણાવી શકાય છે. પરંતુ , અંદરના રહસ્યો ટૂંક સમયમાં બહાર આવી શકે છે.

# અમરેલી : ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કુલમાં સંસ્કારનું સિંચન કરતો તુલસી પૂજન કાર્યક્રમ યોજાયો







તારીખ ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના બાલમંદિર વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક મૂલ્યો અને પર્યાવરણ પ્રત્યે આદરભાવ વિકસે તે હેતુસર તારીખ ૨૫/૧૨/૨૦૨૫ના રોજ શાળાના પરિસરમાં ભાવસભર તુલસી પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નાનાં ભૂલકાં બાળકો દ્વારા તુલસી માતાની આરતી સાથે વિધિવત પૂજન કરવામાં આવ્યું. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને તુલસી છોડનું ધાર્મિક, ઔષધીય તેમજ પર્યાવરણલક્ષી મહત્વ સરળ અને રસપ્રદ રીતે સમજાવવામાં આવ્યું, જેથી બાળકોમાં પ્રકૃતિ પ્રત્યે લાગણીસભર જોડાણ વિકસે.આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં શ્રધ્ધા, શિસ્ત, સારા સંસ્કાર અને ભારતીય પરંપરાઓ પ્રત્યે ગૌરવની ભાવના વિકસાવવામાં આવી. સમગ્ર શાળાનું વાતાવરણ ભક્તિભાવ, આનંદ અને સકારાત્મક ઉર્જાથી પરિપૂર્ણ બન્યું હતું. શાળાના આવા સંસ્કારલક્ષી કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં જીવનમૂલ્યોનું સિંચન કરે છે તથા ભારતીય સંસ્કૃતિ સાથેનું જોડાણ વધુ મજબૂત બનાવે છે. સંસ્થામાં અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ સંસ્કારલક્ષી કાર્યક્રમો દ્વારા પ્રશિક્ષણ મેળવે. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ શુભેચ્છા પાઠવી હતી.

## લાઠીનાં શાખપુર ગામે ૧૮માં નવચંડી યજ્ઞનું આયોજન

### સમસ્ત ગૌભીલ ત્રિવેદી પરિવાર દ્વારા આયોજન



અમરેલી, તા. ૨૫

સમસ્ત ગૌભીલ ત્રિવેદી પરિવાર દ્વારા આગામી તા. ૨૮ ને રવિવારનાં રોજ લાઠી તાલુકાના શાખપુર ગામે આવેલ ખોડિયાર માતાજીનાં મંદિર ખાતે ૧૮મો નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. આ નવચંડી યજ્ઞમાં મોટી સંખ્યામાં ગૌભીલ ત્રિવેદી પરિવાર સહપરિવાર ઉપસ્થિત રહી કુળદેવી શ્રી ખોડિયાર માતાજીના ગુણગાન ગાવા ઉપસ્થિત રહેશે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## અમરેલીના મોટા ગોખરવાળા ગામે ખેડૂતની ઉદારતા બની પ્રેરણાસ્ત્રોત



અમરેલી, તા.૨૫

અમરેલી મોટા ગોખરવાળા ગામે એક ખેડૂતે દાખવેલી માનવતાભરી ઉદારતાએ સમગ્ર વિસ્તારમાં પ્રશંસા જગાવી છે.કમોસમી વરસાદથી પાકને થયેલા નુકસાન બદલ રાજય સરકાર તરફથી મળેલી સહાયમાંથી ખેડૂત પ્રવિણસિંહ ઝાલાએ પોતાનો અડધો ભાગ પોતાની જમીન પર ખેતી કરતા ભાગિયાને આપીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું છે.

તેઓએ જણાવ્યું કે ખેતીમાં નુકસાન માત્ર જમીન માલિકને નહીં, પરંતુ ભાગિયાને પણ સહન કરવું પડે છે. આવા સમયમાં સહાયનો લાભ બંને સુધી પહોંચે તે જરૂરી છે. તેમણે સરકારથી મળેલી સહાયનો ૫૦ ટકા હિસ્સો પોતાના ભાગિયાને સોંપી તેને આર્થિક સંબળ આપ્યું.આ પગલાંથી ભાગિયાના પરિવારને મોટી રાહત મળી છે.ગામના લોકોએ જણાવ્યું કે ખેડૂતનું આ કાર્ય માત્ર દાન નથી, પરંતુ ખેડૂત – ભાગિયા વચ્ચેના વિશ્વાસ અને સહકારનું જીવંત ઉદાહરણ છે. તેમણે અન્ય ખેડૂતોને પણ અપીલ કરી કે સહાય મળ્યે પોતાના ભાગિયાંની પરિસ્થિતિ ધ્યાનમાં રાખી તેમને સહાયના ભાગીદાર બનાવવામાં આવે.

મોટા ગોખરવાળા ગામે ખેડૂતની આ ઉદારતા આજે સમગ્ર અમરેલી જિલ્લામાં ચર્ચાનો વિષય બની છે અને સમાજ માટે પ્રેરણા પરૂં પાડે છે.

## તરવડા ગુરૂકુળમાં રજત જયંતી મહોત્સવનો પ્રારંભ




અમરેલી, તા. ૨૫

તરવડા સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટની શાખા તરવડા ગુરૂકુળ માં ત્રિવેણી મહોત્સવના ભવ્ય ઉદઘાટન નિમિતે ઉદ્‌ઘાટન પૂર્વે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં વિવિધ પ્રકારના ફલાટ સાથે ૮૦૦ વિદ્યાર્થીઓ, ૫૦૦ હરિભકતો, ૩૦૦ મહિલા હરિભકતો જોડાયા હતા. દોઢ કિલોમીટર લાંબી આ શોભાયાત્રા સ્વામિનારાયણ ગુરૂકુલ તરવડાથી નીકળી અને શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાન સુધી વિવિધ બેન્ડ પાર્ટી, કરતાલ રાસ, દાંડિયા રાસ સાથે ભકતો જોડાયા હતાં.

૨૪ ડિસેમ્બર સવારે ૧૦ વાગ્યે ઉદ્‌ઘાટન અને દીપ પ્રાગટ્‌ય ગુરૂ મહારાજ દેવકૃષ્ણદાસજી સ્વામી અને મહંત સ્વામી દેવપ્રસાદજી સ્વામી તેમજ સુરત ગુરૂકુલના મહંત ધર્મવલ્લભદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં થયું હતું. ઉદ્‌ઘાટન પ્રસંગે મહંત સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં શિક્ષાપત્રીને પરમ ભાગવત ધર્મશાસ્ત્ર ગણાવ્યો હતો. શિક્ષાપત્રી લેખનને ૨૦૦ વર્ષ પૂરા થતા હોય દ્વિશતાબ્દી વર્ષ હોય, શિક્ષાપત્રી કંઠસ્થ કરવા ઉપર ભાર મૂક્યો હતો. ત્યારે ધર્મવલ્લભદાસ સ્વામીએ શિક્ષાપત્રીમાં ભગવાને ૩૬૦ શાસ્ત્રોનો સાર મુકેલો છે. જેથી શિક્ષાપત્રી ગાગરમાં સાગર સમાન છે. શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થળ તરવડા છપૈયા સમાન પવિત્ર અને ભજન ભકિતના અખાડા સમાન ગણાવી હતી. પુરાણી શ્રીકૃષ્ણ પ્રિયદાસજી સ્વામીએ એક મહિનાની સતત અખંડ ચાલતી ધૂનની માહિતી આપી સત્સંગી જીવન કથા દ્વારા શ્રોતાઓને રસ તરબોળ કર્યા હતા.

આ ત્રિવેણી રજત જયંતિ મહોત્સવમાં કૌશિક વેકરીયા, મંત્રી ન્યાય અને કાયદો, પેટ્રોકેમિકલ વિભાગ, પરસોત્તમભાઈ રૂપાલા ધારાસભ્ય રાજકોટ, મહેશ કસવાલા ધારાસભ્ય ધારી વગેરે રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે. દેશ–વિદેશથી અનેક હરિભકતો અને ગુરૂકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ખાસ આ મહોત્સવમાં હાજરી આપવાના છે. જેમાં સમગ્ર ઉત્સવના યજમાન મનુભાઈ પટોડીયા યુ.એસ.એ. અને ધીરૂભાઈ બાબરીયા યુ.એસ.એ. મહોત્સવમાં ભાગ લઈ રહ્યાં છે.

૩૦૦ યજમાન પરિવાર ત્રણ દિવસ ૫૧ કુંડી યજ્ઞમાં હરિયાગની આહુતિઓ આપશે. આ ઉપરાંત ૫૧ પૂરશ્ર્ચરણમાં ભકત ચિંતામણીના ૫૫૦૮ પાઠ કરનાર ભકતો અને વિશેષ પાઠ કરનાર ભકતો દ્વારા પૌરાણિક રીતે નિર્માણ થયેલી કુટિરમાં પૂજનનો વિશેષ અવસર પ્રાપ્ત થશે.

મહોત્સવ નિમિત્તે સાંજે ચાર વાગ્યે સર્વ રોગ નિદાન કેમ્પ અને રકતદાન કેમ્પનું દીપ પ્રાગટ્‌ય મહંત સ્વામી દેવપ્રસાદ સ્વામી અને ધર્મવલ્લભ સ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં જનરલ મેડિસિન, સર્જરી, દાંતના રોગો, બાળકોના રોગો વગેરેના નિષ્ણાંતો દ્વારા સેવા પૂરી પાડવામાં આવી હતી. પ્રથમ દિવસે જ ૧૨૦ દર્દીઓએ લાભ લીધો હતો.

મુખ્ય ઉત્સવ સભા ડોમમાં એક સાથે ૩૦૦૦ ભકતો બેસી શકે તેવી સીટીંગ વ્યવસ્થા કરવામાં આવેલી છે. તેમજ એક સાથે ૫,૦૦૦ ભકતો ભોજન લઈ શકે તેવો વિશાળ ભોજનાલય તૈયાર કરવામાં આવેલ છે. આ પાંચ દિવસના આ મહોત્સવમાં સંતો, મહંતો, રાજકીય આગેવાનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અધિકારીઓ અને સંપ્રદાયના હરિભકતો જોડાઈને અલભ્ય લાભ મેળવવાના છે.

## સાવરકુંડલા ખાતે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિનની ઉજવણી




સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલા શહેરમાં આવેલ નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ. કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે તા. ૨૪–૧૨–૨૫ ના રોજ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો.જેમાં શરૂઆતમાં શાળામાં ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિ વિશે શાળાના ગ્રાહક સુરક્ષા કન્વીનર હિતેશભાઈ ઢાપા દ્વારા માહિતી આપવામાં આવી. ત્યારબાદ આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો જેમાં ગ્રાહક સુરક્ષા જિલ્લા ઈન્સ્પેકટર બારૈયા દ્વારા ગ્રાહકના મૂળભૂત અધિકારો વિશે વિદ્યાર્થીનીઓને માહિતગાર કરવામાં આવ્યા. તાલુકા ઈન્સ્પેકટર પટેલ દ્વારા ગ્રાહક જાગૃતિ વિશે માહિતી આપવામાં આવી. ગ્રાહક સુરક્ષા મંડળ તાલુકા પ્રમુખ રમેશભાઈ હિરાણી દ્વારા સાઈબર ફ્રોડ તેમજ અવેરનેસ વિશે માહિતી આપવામાં આવી. ગ્રાહક સુરક્ષામાં સક્રિય એવા પાંધી દ્વારા ગ્રાહકની ફરજો વિશે સમજૂતી આપવામાં આવી તેમજ શાળા દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું વિવિધ સ્પર્ધાઓમાંથી પસંદ કરાયેલ કૃતિઓ અને પ્રોજેકટ કાર્ય માટે શાળાની વિદ્યાર્થીનીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ ઉપસ્થિત અધિકારીઓના હસ્તે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યા ઉષાબેન બી. તેરૈયા દ્વારા ગ્રાહક શિક્ષણ વિશે માહિતી આપી આભાર વિધિ કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક મેહુલભાઈ મહેતા સુપરવાઈઝર નિતાબેન ત્રિવેદી તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## સાવરકુંડલા ખાતે ગ્રાહક જાગૃતિ સેમિનાર યોજાયો



સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલા શહેરમાં આવેલ મહિલા અધ્યાપન મંદિર ખાતે રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ નિમિત્તે ગ્રાહક જાગૃતિ સેમિનાર યોજાયો.


આ પ્રસંગે અમરેલી જિલ્લા તોલમાપ અધિકારી બારૈયા, સાવરકુંડલા તાલુકા તોલમાપ ઈન્સ્પેકટર પટેલ ની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે વિવિધ વકતાઓને ગ્રાહક સુરક્ષા સંબંધિત માહિતીની વિગતે ચર્ચા કરી હતી ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલાના પ્રેસિડેન્ટ રમેશભાઈ હીરાણી કન્વીનર રવિભાઈ મહેતા,પત્રકાર બિપીનભાઈ પાંધી પ્રણીવભાઈ જોષી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સેમિનાર દરમિયાન ઉપસ્થિત તમામ વિદ્યાર્થીનીઓએ ખૂબ શાંતિ અને શિસ્ત સાથે વકતાઓને સાંભળેલ.

અંતમાં અધ્યાપન મંદિરના પ્રિન્સિપાલ બાબુભાઈ ચાવડાએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.




# ધારી ખાતે આમ આદમી પાર્ટીની કિસાનયાત્રા અને વિશાળ સભા યોજાઈ





ધારી ખાતે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયા, નિકુંજ સાવલીયા, કાંતીલાલ સતાસિયા સહિતનાં આગેવાનોની ઉપસ્થિતીમાં વિશાળ બાઈક રેલી અને બાદમાં જંગી સભા યોજાઈ હતી. બાઈક રેલી અને સભામાં વિશાળ જનમેદની એકત્ર થઈ હતી અને ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા એ ખેડૂતોનાં વિવિધ પ્રશ્નોને વાચા આપીને તેનુ નિરાકરણ કરવા માંગ કરી હતી.

# અમરેલી જિલ્લાની શિક્ષણાધિકારી, કલેકટર અને આયુર્વેદ કચેરીમાં શ્રેષ્ઠ કામગીરી



ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈજીના જન્મદિન તા.૨૫ ડિસેમ્બરને સુશાસન દિન તરીકે ઉજવવામાં આવે છે. સહિયારા પ્રયાસથી વધુ સુદ્રઢ સેવાઓનો સંકલ્પ સાકાર કરવા તાલીમ અને વ્યવસ્થાઓ વધુ મજબૂત કરવાની રાજય સરકારની નેમ છે. સ્વચ્છતા અભિયાન અન્વયે કરવામાં આવેલી કામગીરીમાં અમરેલી જિલ્લાની વિવિધ કચેરીઓને દર વર્ષે સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવે છે. અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યાના હસ્તે જિલ્લાની શિક્ષણાધિકારી, જિલ્લા કલેક્ટર અને જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરીને અનુક્રમે બેસ્ટ, ઈર્મર્જિંગ અને એસ્પારિંયગ એમ ત્રણ કેટેગરીના પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા અમરેલી જિલ્લા કલેકટરે કચેરીઓને તેમની કામગીરી માટે અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ આ રીતે ઉત્કૃષ્ઠ કામગીરી કરવા પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું. નાગરિકોને કેન્દ્રમાં રાખી વધુ સારી સેવાઓ અને માળ ખાકિય સુવિધાઓમાં ઉમેરો થાય તે મંત્ર સાથે કાર્યરત રાજય સરકાર દ્વારા વિવિધ પ્રકલ્પોની શરૂઆત કરવામાં આવે. આ કાર્યક્રમમાં વીડિયોના માધ્યમથી રાજયભરના જિલ્લાઓ પણ જોડાયા હતા. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અપ્રયક્ષ સ્થાને ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત વિવિધ પોર્ટલ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની વિવિધ નિતીઓ, રાજય સરકારના કર્મયોગીઓ માટે તાલીમ કાર્યક્રમ, લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. રાજય સરકારના લોકાભિમુખ અને પારદર્શી વહીવટલક્ષી અભિગમને સાકાર કરતા અનેક વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. સુશાસન પરની ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે જિલ્લાના અધિકારીઓને મુખ્યમંત્રીના દિશાનિર્દેશ મુજબ ફકત એક દિવસ માટે નહીં પરંતુ કાર્યપદ્ધતિનો ભાગ બનાવવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે નાગરિકોના કામ સરળતાથી અને જલદી સમાપ્ત થાય તે મુજબની કાર્યપદ્ધતિ અપનાવવા માટે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયા, ઈન્ચાર્જ નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા આંકડા અધિકારી ગોહિલ, આરોગ્ય, પંચાયત, માર્ગ અને મકાન, વિવિધ કચેરીઓના અધિકારીઓ–કર્મયોગીઓ સહિતના જોડાયા હતા.

## પુ. ગોવાદાદા મારૂની સમાધિ ખાતે બાબરા ખાતે આગામી 3 જાન્યુઆરીનાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

### ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ સર્જાશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરાની પવિત્ર ધરતી પર આગામી તારીખ ૩ જાન્યુઆરી, ૨૦૨૬ને શનિવારના રોજ અહીં કરીયાણા રોડ પર એક ભવ્ય અને દિવ્ય ધાર્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજય અને લોકપ્રિય સમાજ સેવક ગોવાદાદા મારૂની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે.

બાબરાના કરીયાણા રોડ પર સ્થિત ગોવાદાદા મારૂના સમાધિ સ્થાન ખાતે યોજાનારા આ મંગલ પ્રસંગે ભગવાન શિવની શિવલિંગ સ્થાપના, ભવ્ય મહાયજ્ઞ અને મહાઆરતી જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે, જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડશે અને મહાપ્રસાદનો લાભ લેશે.

આ દિવ્ય પ્રસંગે જગદગુરૂ ગર્ગોચાર્ય પીઠાધીર મહેન્દ્રાનંદ ગીરીજી મહારાજ (પંચ દશનામ જૂના અખાડા) ખાસ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવશે. મહોત્સવમાં વિવિધ ક્ષેત્રના સંતો–મહંતો, ધારાસભ્યો, સાંસદ સભ્યો અને સામાજિક અગ્રણીઓ વિશેષ અતિથિ તરીકે હાજરી આપશે. રાત્રિના સમયે ભકિતના રંગે રંગાવા માટે વિ વિખ્યાત ભજન સમ્રાટ પદ્મશ્રી હેમંત ચૌહાણના સુમધુર કંઠે ભવ્ય સંતવાણી અને લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં આ મહોત્સવને સફળ બનાવવા માટે મારૂ પરિવાર અને સ્વયંસેવકો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ધાર્મિક મહોત્સવમાં પધારવા માટે સમસ્ત ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૩૬૨ |
| ૪ | શિંગ મોટી | ૯૩૦ | ૧૪૦૧ |
| ૫ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૦૫ | ૨૩૯૦ |
| ૭ | તલ કાળા | ૨૨૧૦ | ૪૯૫૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૦૪૦ | ૨૪૦૫ |
| ૯ | જુવાર | ૯૦૦ | ૧૦૯૮ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૮૪ | ૫૬૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૨ |
| ૧૨ | અડદ | ૯૫૦ | ૧૫૦૦ |
| ૧૩ | ચણા | ૭૦૦ | ૧૦૧૪ |
| ૧૪ | સફેદ ચણા | ૮૪૫ | ૯૮૧ |
| ૧૫ | છોલે ચણા | ૧૬૦૫ | ૧૬૦૫ |
| ૧૬ | તુવેર | ૭૧૦ | ૧૨૧૫ |
| ૧૭ | કપાસ | ૯૦૦ | ૧૫૫૦ |
| ૧૮ | એરંડા | ૧૧૧૧ | ૧૩૧૧ |
| ૧૯ | જીરૂ | ૩૦૩૦ | ૩૮૬૦ |
| ૨૦ | રાય | ૧૮૭૫ | ૧૮૭૫ |
| ૨૧ | ધાણા | ૧૬૦૦ | ૧૮૪૦ |
| ૨૨ | અજમા | ૧૯૫૦ | ૨૧૯૦ |
| ૨૩ | મેથી | ૭૦૦ | ૯૮૦ |
| ૨૪ | સોયાબીન | ૭૬૦ | ૮૯૪ |
| ૨૫ | રજકાનું બી | ૯૩૦૦ | ૯૪૫૦ |
| ૨૬ | મરચા લાંબા | ૭૪૦ | ૩૯૯૦ |

## સાવરકુંડલા ખાતે સર્વ રોગ આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૫

જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંચાલિત ડો. હેડગેવાર સેવા સમિતિ સાવરકુંડલાના સહયોગથી સરકારી આયુર્વેદ દવાખાનુ, પીઠવડી, દ્વારા શ્રી ઉતાવળા હનુમાન મંદિર હાથસણી રોડ, સાવરકુંડલા ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

આ કેમ્પમાં ગ્રામજનોને સ્વાસ્થ્ય અંગે માહિતી આપવામાં આવી. આ નિદાન કેમ્પમાં નિદાન અને સારવાર ઉપરાંત ગામના લોકોને દિનચર્યા તથા ઋતુચર્યાનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ સંશમની વટીનું તેમજ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું જેમાં બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

આ કેમ્પમાં વૈદ્ય દેવેન્દ્ર ચૌહાણ તથા વૈદ્ય કૌશલ ગોંડલીયા તથા વિનાયકભાઈ પરમાર, દિલીપભાઈ રાઠોડ, કૌશિકભાઈ બોરીસાગરે સેવા આપી.

## પાના ૧ ઉપરનું ચાલું વડિયાનાં સનાળા ગામે

આ બનાવમાં વડિયા તાલુકાના સનાળા ગામે આવેલ ઘનશ્યામનગરમાં રહેતાં રાજેશભાઈ ગીરધરભાઈ રૂપાવટીયા નામનાં ૪૪ વર્ષીય ખેડૂતની ગત તા. ૨૧ના રોજ રાત્રીના આશરે પોણા અગીયારેક વાગ્યા થી તા. ૨૨ ના કલાક રાત્રીના સવા બારેક વાગ્યા દરમ્યાન સનાળા ગામે પોતાના ઘર પાસે આવેલ ફરજામાં બાંધેલ આશરે દોઢેક વર્ષની ભેંસ જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦ની ફરજામાં ખીલે બાંધેલ હોય તેને સાંકળ સાથે છોડી અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૮ | ૧૫૩૩ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૨૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૧૩ |
| ૪ | અડદ | ૭૦૦ | ૧૦૫૫ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૦૦ |
| ૬ | ધાણા | ૧૫૦૦ | ૧૭૫૧ |
| ૭ | મેથી | ૫૦૦ | ૮૪૫ |
| ૮ | સોયાબીન | ૫૦૦ | ૮૭૦ |
| ૯ | મગફળી | ૫૦૦ | ૧૧૭૫ |
| ૧૦ | તલ સફેદ | ૧૬૩૦ | ૧૮૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૨૦ | ૧૨૬૫ |
| ૧૨ | લસણ | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ૧૩ | ચણા સફેદ | ૯૯૦ | ૯૯૦ |
| ૧૪ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | મગ | ૭૫૫ | ૭૫૫ |
| ૧૬ | બાજરો | ૪૨૨ | ૪૨૨ |
| ૧૭ | રજકાબી | ૮૫૦૦ | ૮૫૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું

પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચાણ કરતા વેપારીઓ તેમજ જાહેરમાં ગંદકી ફેલાવનારા તત્વો સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી અમરેલી શહેરમાં કચરાના સામ્રાજયમાં સૌથી વધુ પ્લાસ્ટિક છવાયેલું જોવા મળી રહેલ છે. ચીફ ઓફિસર આવા પ્લાસ્ટિકનું વેચાણ અને ઉપયોગ બંધ કરવા કટિબધ્ધ બનતા છેલ્લા બે દિવસથી સેનેટરી ઈન્સ આનંદ ઠાકર અશોક કાંબલી નયન જોગદીયા ભાર્ગવ વાળા સહિતની ટીમ સાથે અર્પિત ટ્રેડિંગ ભગીરથ પ્લાસ્ટિક જલારામ પ્લાસ્ટિક સુપર પ્લાસ્ટિક ન્યૂ સુપર પ્લાસ્ટિક ભગીરથ પાન કેવલ પાન શબ્બીરભાઈ લારીવાળા સહિતના વેપારીઓ પાસેથી ૫૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ હતું. અને રૂ.૨૧૦૦ નો દંડ પણ ફટકારવામા આવેલ હતો. આગામી દિવસોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝુંબેશ આરોગ્યની ટીમ સાથે વધુ વેગવંતી બનાવવામાં આવનાર હોવાનું ચીફ ઓફિસર વિનોદ રાઠોડે જણાવ્યું હતું. ચીફ ઓફિસરની કામગીરીથી પર્યાવરણવિંદો અને જીવદયા પ્રેમીઓ હર્ષની લાગણી છવાયેલ હતી. કારણકે સૌથી વધુ પ્લાસ્ટિકનો ભોગ પશુ અને પર્યાવરણ બને છે.

## પાના ૧ ઉપરનું ચાલું વડિયાનાં કૃષ્ણપરા વિસ્તારમાં

છેલ્લા થોડા સમયમાં વારંવાર મારણ કર્યાની ઘટનાઓ સામે આવેતી જોવા મળી છે. ગઈ કાલે રાત્રે વડિયાના કૃષ્ણપરા વિસ્તારમાં ઢૂંઢિયા પીપળીયા ગામ તરફ જવાના રસ્તે આવેલાં બિલેર મહાદેવ મંદિર પાસે રહેણાંક વિસ્તારમાં એક વાછડી (ગાય)નુ મારણ કર્યું હતુ.આ રહેણાંક વિસ્તાર આસપાસ થતા મારણથી વડિયામાં વસવાટ કરતા પશુપાલકો અને લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. તો બીજી બાજુ સિંહ પ્રેમીઓ દ્વારા વડિયા વિસ્તારમાં વધતી અને કાયમી રહેઠાણ બનાવતા સિંહોથી ખુશી પણ જોવા મળી રહી છે. વડિયાની સુરવો નદી કિનારે આવેલાં કાંટાળા ઝાળી વિસ્તારમાં ત્રણ બચ્ચાઓ સાથે ઘણા સમયથી સિંહણ રહેતી હોવાનું સામે આવ્યું છે. તો બીજા અનેક સિંહ આ વિસ્તારમાં વસવાટ કરતા જોવા મળી રહ્યા છે. જો કે સિંહોની દેખરેખ માટે વન વિભાગના કર્મચારીઓ સતત રાતદિવસ દેખરેખ રાખતા જોવા મળી રહ્યા છે જેથી કોઈ સિંહ પંજવણી કે મનુષ્ય પર હુમલાઓ કે નુકશાનની ઘટનાઓ બનતી સામે ના આવે.

## અવસાન નોંધ

**અમરેલી :** રૂક્ષ્મણીબેન રમેશચંદ્ર પંડિત તે રમેશચંદ્ર પંડિતનાં પત્ની, મહેન્દ્રભાઈના ભાભી, જતીનકુમાર તથા નિરાલી બહેનનાં માતૃશ્રીનું તા. ૨૫/૧૨/૨૦૨૫ને ગુરૂવારે અવસાન થયેલ છે.

સદ્દગતનું બેસણું તા.૨૭/૧૨ને શનીવારે સાંજે ૪થી ૬ વૃંદાવન પાર્ક–૩, રામેશ્વર મહાદેવ વાળી શેરી, શિવાશ્રય ખાતે રાખેલ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૪૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૨૬ | ૨૦૨૬ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૨૦ |
| ૪ | બાજરો | ૩૬૦ | ૫૧૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૭ | ૫૭૦ |
| ૬ | જુવાર | ૬૬૦ | ૯૯૨ |
| ૭ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૮ | અડદ | ૭૦૧ | ૧૨૫૧ |
| ૯ | તુવેર | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૧૦ | ચણા | ૭૦૧ | ૧૦૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું ઓનલાઈન ફ્રોડનાં નાણા ઉપાડી લીધા

ધીરૂભાઈના બેંક એકાઉન્ટમાં ગત તા. ૧૬/૭/૨૫ ના રોજ રૂપિયા ૫૦,૦૦૦ તથા રૂપિયા ૨૫,૦૦૦ તથા રૂપિયા ૫૦,૦૦૦ તથા રૂપિયા ૫૦,૦૦૦ તથા રૂપિયા ૨૦,૦૦૦ તથા રૂપિયા ૧૦,૦૦૦ તથા રૂપિયા ૩૫,૦૦૦ તથા રૂપિયા ૬૫,૬૫૧ તથા તથા રૂપિયા ૫૦,૦૦૦ તથા રૂપિયા ૨,૦૯,૦૩૨ એ રીતે ઓનલાઈન યુપીઆઇ મારફતે તથા આઈએમપીએસ મારફતે તથા આરટીજીએસ મારફતે કુલ રૂપિયા ૫,૬૪,૬૮૩ જમા કરાવેલ હોય. જે પૈકી રૂપિયા ૫,૫૦,૦૦૦ આરોપીઓએ ચેક નં. ૫૬૪૭૩૬ મારફતે કેશ વિડ્રોલ કરી તથા રૂપિયા ૧૪,૫૦૦ એટીએમ મારફતે કેશ વિડ્રોલ કરી તેમજ આરોપીએ પોતાના એકાઉન્ટમાં રૂપિયા ૧૮૩ રકમ રાખી એ રીતે બન્ને આરોપીઓએ ઓનલાઈન નાણાકીય ફ્રોડ ઠગાઈના નાણા પોતાના આર્થિક લાભ સારૂ અવાર નવાર મેળવી અને તે રૂપિયાનુ એકબીજાએ આપ લે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં વાંકીયા ગામે

આરોપીને પુછતા આરોપીએ જણાવેલ કે હું સુરેશભાઈ રાઠોડનો છોકરો પ્રકાશ છુ અને તમે મારા વાહનો છોડી મુકો નહીતર હું દલીત છું અને તમારા બધા પર મને માર મારવાનો તથા જ્ઞાતી પ્રત્યે હડધુત કરવાનો ખોટો કેસ કરી દઈશ. તેમ કહી પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી તથા જાહેરમાં પોલીસની કાયદેસરની કાર્યવાહી કરતા અટકાવવાના ઈરાદે પોતાની મેળે નજીકમાં પડેલ પત્થર ઉપાડી લઈ અને પોતાની જાતે માથા પર મારવા લાગેલ હતાં તથા પોલીસ સ્ટાફને અપશબ્દો બોલી અને કહેલ કે મારા બાપા ખુબ માથાભારે છે તે પાછળ આવે જ છે અને તમને બધાને મારી નાખશે તેમ કહી પોલીસને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયેલ હતાં.

બાદમાં પોલીસ સ્ટાફ બંને ડમ્પરો લઈ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે આવેલ તે સમયે આરોપી સુરેશભાઈ વિરાભાઈ રાઠોડ કે જે અત્રેના પોલીસ સ્ટેશનના હિસ્ટ્રીશીટર હોય તેમણે પોલીસ સ્ટાફને લઈ આવેલ ડમ્પરો બાબતે બેફામ અપશબ્દો કહી આજે તો તમે મારા વાહનો લઈ પોલીસ સ્ટેશન સુધી પહોંચી ગયેલ છો પરંતુ તમને તમામને ખોટા કેસમાં ફસાવી જાનથી મારી નાખવાના છે. આટલુ કહી બન્ને ડમ્પરોના ડ્રાઈવરોને પોતાની ફોરવ્હીલ ગાડી નં. જી.જે.–૧૪ બીડી–૪૨૮૨ માં લઈને નાસી ગયેલ હતાં.

જેથી પોલીસ સ્ટાફ પોલીસ સ્ટેશનની આજુબાજુમાં આ ફોર વ્હીલ ચાલકને શોધતા હતા. તે દરમ્યાન આરોપીએ પોતાના હવાલાવાળી ગાડી નં. જી.જે.–૧૪ બીડી–૪૨૮૨ ની પુરઝડપે તથા બેફીકરાઈ પુર્વક ચલાવી આવતાં હોય. જેથી પોલીસે આ ફોરવ્હીલને અટકાવવા હાથથી ઈશારો કરતા તેમણે કાર નહીં થોભાવી અને પોલીસ સ્ટાફનાં માણસો ઉભા હતા તે સ્થળે જ આ પોલીસ સ્ટાફને જાનથી મારી નાખવાના ઈરાદે આરોપીએ પોતાના હવાલાવાળી આ ફોર વ્હીલને આ પોલીસ સ્ટાફ ઉપર ચડાવવાનો પ્રયત્ન કરી પોલીસ સાથે ફરજ ઉપર રહેલાં ટી.આર.બી. જવાનને ઘુંટણના ભાગે ઈજા કરી નાસી જઈ પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કર્યાની અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. અજીતદાન ઈરદાન ગઢવીએ બે આરોપી સામે બીએનએસ કલમ–૧૦૯(૧), ૩૫૨, ૩૫૧(૩), ૨૨૧, ૨૨૬, ૧૨૬(૨), ૨૮૧, ૫૪ એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ફરિયાદ નોંધાવી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૧ | ૧૫૪૬ |
| ૨ | મગફળી | ૧૦૬૦ | ૧૨૭૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૯૦ | ૧૬૦૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૧૦ | ૧૨૮૦ |
| ૩ | મગફળી | ૧૦૩૫ | ૧૩૫૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૩૦ | ૧૯૯૦ |
| ૫ | તલ કાળા | ૩૩૨૦ | ૪૫૧૦ |
| ૬ | જીરૂ | ૩૨૨૦ | ૩૯૦૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૪૫ |
| ૮ | ચણા | ૯૩૫ | ૧૦૮૫ |
| ૯ | અડદ | ૯૧૦ | ૧૧૯૦ |
| ૧૦ | સોયાબીન | ૭૮૮ | ૮૬૨ |
| ૧૧ | મગ | ૧૨૧૦ | ૧૬૦૦ |

## વેપારી અગ્રણી, સમાજસેવીઓ દ્વારા પ્રધાનમંત્રી અને રેલ્વેમંત્રીને રજુઆત

# બાબરાનાં કોટન ઉદ્યોગના હિતમાં રેલ્વે સુવિધાની માંગ

### આઝાદીના ૭૮ વર્ષ બાદ સમગ્ર પંથક રેલ્વે સુવિધાથી વંચિત રહ્યો હોવાનું પત્રમાં જણાવાયું

### સમગ્ર પંથકની ૪૦ હજાર જનતાં રેલ્વે સુવિધાની કાગડોળ રાહ જોઈ રહી છે


### સમગ્ર પંથક કોટન 'હબ' ઈન્ડસ્ટ્રીઝ માટે જાણીતો હોય રેલ્વે સુવિધા જરૂરી

### વેપારીઓ, ઉદ્યોગપતિઓ, યાત્રા પ્રવાસ કરવાની ઈચ્છા ધરાવનાર માટે રેલ્વે સુવિધા આપવી જરૂરી

બાબરા, તા. ૨૫

અમરેલી જિલ્લાના મહત્વના વ્યાપારી મથક એવા બાબરા શહેરને વર્ષોથી રેલ્વે સુવિધાથી વંચિત રાખવામાં આવતા સ્થાનિક વેપારી આલમ અને જનતામાં ભારે રોષ સાથે ન્યાયિક માંગ ઉઠી છે. આ સંદર્ભે બાબરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ મુન્નાભાઈ મલકાણ દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રેલ્વે મંત્રી અનિી વૈષ્ણવને એક વિસ્તૃત પત્ર પાઠવી બાબરાને તાકીદે રેલ્વે સુવિધા પૂરી પાડવા રજૂઆત કરવામાં આવી છે. આ પત્રની નકલ અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાને પણ મોકલી આ દિશામાં ઘટતું કરવા માંગ કરવામાં આવી છે.

છેલ્લા એક અઠવાડિયાથી બાબરામાં સોશ્યલ મીડિયામાં રેલ્વે સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે લોકો પોતાના મત અને રજુઆત કરી રહ્યા છે. ત્યારે શહેરના જીવદયા પરિવારના ગજેન્દ્ર શેખવાએ જણાવ્યું હતું કે બાબરાને રેલ્વે સુવિધા માટે ચિતલથી વાયા બાબરા જોડાણ પણ થાય અને બાબરા, જસદણ, વીંછીયા અને બોટાદ



એ રીતે પણ જોડાણ કરી શકે. આ સિવાય અહીંના ખેડૂત અગ્રણી અને દવા બિયારણના વેપારી દિનેશભાઈ પોકિયાએ પણ શહેરને રેલ્વે સુવિધા મળે તે માટે સ્થાનિક ધારાસભ્ય અને સાંસદ સભ્યએ આગળ આવવું જોઈએ તેવો મત વ્યકત કર્યો હતો.

ત્યારે બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુનાભાઈ મલકાણ દ્વારા વડાપ્રધાનને પાઠવેલા પત્રમાં ભારપૂર્વક જણાવાયું છે કે, બાબરા શહેર ભૌગોલિક રીતે રાજકોટ અને ભાવનગર જેવા બે મોટા મહાનગરોની બરોબર મધ્યમાં આવેલું છે. ૪૦,૦૦૦થી વધુની વસ્તી ધરાવતું આ શહેર આજે પણ પરિવહનના આધુનિક સાધન એવી રેલ્વે સેવાથી વંચિત છે, જે આ વિસ્તારની જનતા સાથે અન્યાય સમાન છે. જો બાબરાને રેલ્વે નેટવર્ક સાથે જોડવામાં આવે તો માત્ર બાબરા જ નહીં, પરંતુ રાજકોટ અને ભાવનગર વચ્ચેના વેપારી સંબંધો વધુ ગાઢ બનશે અને ટ્રાન્સપોર્ટેશનના ક્ષેત્રમાં મોટો આર્થિક ફાયદો થશે.


બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખે ઉદ્યોગોની વેદના વાચા આપતા જણાવ્યું છે કે, બાબરા એ સમગ્ર પંથકનું 'કોટનઈન્ડસ્ટ્રીઝ હબ' છે. અહીં અનેક કોટન જીનિંગ મિલો અને જીઆઈડીસી વિસ્તાર આવેલો છે. રેલ્વે સુવિધાના અભાવે અહીંના ઉદ્યોગકારોને માલસામાનની હેરફેરમાં મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જો રેલ્વે કનેકટીવિટી મળે તો આ ઔદ્યોગિક વસાહત ફાયદો થઈ શકે તેમ છે.

### સમગ્ર પંથકની જનતા શ્રી રામનાં રંગે રંગાળ

## લીલીયા મોટા : રામજી મંદિરનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં ત્રિદિવસીય શતાબ્દી મહોત્સવ યોજાશે

### આગામી ૧ થી ૩ જાન્યુઆરી સુધી અનેકવિધ કાર્યક્રમ યોજાશે






લીલીયા, તા. ૨૫

લીલીયાના સ્વ. મોહનલાલ ગોપાલજી દવેએ સૌ વર્ષ પૂર્વે રામજી મંદિરનું નિર્માણ કરેલ. જેના સૌ વર્ષ પૂર્ણ થતા રામ સેવા સમિતિ, રામજી મંદિર સમિતિ અને સમસ્ત શહેરી જનોના સંયુક્ત ઉપક્રમે તા. એક જાન્યુઆરીથી ત્રણ જાન્યુઆરી ત્રિદિવસીય રામજી મંદિર અને રામનાથ મહાદેવનો ભવ્યાથી ભવ્ય શતાબ્દી મહોત્સવનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.આ પ્રસંગે તારીખ ૦૧ જાન્યુઆરીના રોજ ૮:૩૫ થી પ્રાયાચિત હિમાદ્રી, બહેનો દ્વારા જુવારા યાત્રા વડવાળા હનુમાનજી મંદિરથી રામજી મંદિર સવારે ૧૦:૩૦ થી ગણપતિ પૂજન,પ્રાણયાહ વાંચન, મંડપ પૂજન, અભિષેક, વિષ્ણુયાગ યજ્ઞનો પ્રારંભ,સાંય આરતી અને રાત્રે ૮:૩૦ કલાકે હનુમાન ચાલીસા દ્વિતીય દિવસે તારીખ ૨ જાન્યુઆરી સવારે ૮:૩૫ થી મંડપ પ્રવેશ સ્થાપિત દેવ પૂજન, રૂદ્ર યજ્ઞ ત્યારબાદ રાત્રિના ૮:૩૦ કલાકે ભજન ધૂન અને હાસ્ય રસની રમઝટ તૃતીય દિવસે તારીખ ત્રણ જાન્યુઆરી સવારમાં ૮:૩૫ કલાકે મંડપ પ્રવેશ સ્થાપિત દેવ પૂજન દેવીયજ્ઞ, પ્રવજારોહણ,ઉત્તરપૂજન બલિદાન અને બપોરના ૧૨:૩૦ કલાકે યજ્ઞની પૂર્ણા હૂતી અને સંતો મહંતોના આશીર્વાદ વચન ત્યારબાદ બપોરના બે કલાકે રામ પંચાયત દેવની શોભાયાત્રા રામજી મંદિરથી પ્રસ્થાન જે શહેરના વિવિધ માર્ગો પર ફરશે. સાંજના ૫:૩૦ કલાકે લેઉવા પટેલ સમાજની વાડી ખાતે મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમ યોજાશે. સમગ્ર આયોજન સફળ બનાવવા રામજી મંદિર ટ્રસ્ટ, રામસેવા સમિતિ અને સમસ્ત શહેરીજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહોત્સવને સફળ બનાવવા યુવાનો દિન રાત તડામાર તૈયારી કરતા નજરે પડી રહ્યા છે.

## નાના લીલીયા ખાતે અશરફ મિયાં બાપુનો ઉર્ષ મુબારક ઉજવાશે




લીલીયા, તા. ૨૫

દર વર્ષની જેમ આ વર્ષે પણ નાના લીલીયાની સરજમી ઉપર કોમી એકતાના પ્રતિક એવા સરકાર અશરફ મિયાં બાપુ (દાદાબાપુ) નો ઉર્ષ મુબારક ઉજવાશે જેમા તા. ૨૭/૧૨/૨૦૨૫ ને શનિવારના બપોરે ૩ કલાકે મિલાદ શરીફ સાંજે ૬ વાગ્યે ન્યાજ (ભોજન) તેમજ રાત્ર ૯:૩૦ કલાકે કવ્વાલીનું આયોજન રાખવામાં આવેલ છે તેમા મશહૂર કવ્વાલ જાકીર શોલે ફેમસ ખ્વાજા કે દિવાને શાનદાર આયોજન કરવામાં આવ્યું છે ઝેરે સદારત પીરે તરીકત અલ્હાઝ સૈયદ અહેમદ અલી બાપુની નીગેહબાની હેઠળ ઉર્ષનું આયોજન કરવામાં આવે છે. સૈયદ આદીલબાપુની યાદીમાં જણાવ્યું છે.

## હવે વિચારવાનો નહી, અવાજ ઉઠાવવાનો સમય છે

"અમરેલી એકસપ્રેસ" દૈનિકમાં તા.૨૫/૧૨/૨૦૨૫ના અંકમાં ઉપરોકત ટાઈટલ સાથે એક આર્ટીકલ પ્રસિધ્ધ થયેલ. જેમાં લેખક તરીકે શાંતિલાલ પરમારનું નામ શરતચૂકથી પ્રસિધ્ધ થયેલ છે. ઉપરોકત આર્ટિકલ કાંતિલાલ પરમાર રહે.ચિતલ, જશવંતગઢ દ્વારા લખયેલ હોય તેની સૌને નોંધ લેવા વિનંતી.




## સાવરકુંડલા પોલીસ સ્ટેશન દ્વારા ગુરૂકુળ શાળામાં મિશન સ્માઈલ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા ડીવાયએસપી ગોરડિયા મેમના માર્ગદર્શન હેઠળ સ્વામિનારાયણ ગુરૂકુળ સંચાલિત એ.કે. ઘેલાણી હાઈસ્કૂલમાં આજરોજ મિશન સ્માઈલ કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિદ્યાર્થીઓ માટે જરૂરી માર્ગદર્શન ડીવાયએસપી ગોરડિયા મેમ દ્વારા આપવામાં આવેલ. ખુબ સુંદર અને જરૂરી માહિતી તમામ વિદ્યાર્થીઓએ મેળવી હતી સાથે વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરો પણ મેમ દ્વારા આપવામાં આવેલા. આ કાર્યક્રમ દરમિયાન સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ સી.એચ. કુગસિયા તથા ટાઉન પોલીસ સ્ટેશનના મિત્રો હાજર રહ્યા હતા.આજના આ કાર્યક્રમમાં પધારેલ અતિથિઓનું સ્વાગત ઘેલાણી હાઈ સ્કૂલના આચાર્ય પંડ્યાના માર્ગદર્શન મુજબ ઘેલાણી હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલ તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત સંસ્થાના ડાયરેક્ટર વ્યાસ, ઘેલાણી હાઈસ્કૂલના આચાર્ય દીપેશભાઈ પંડ્યા, મીન્ટુ સર દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મીન્ટૂ સર તેમજ આભાર વિધિ વ્યાસ દ્વારા કરવામાં આવેલ

### એમ.કોમ.સેમ. ૩ની પરીક્ષામાં

## અમરેલી : શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.કોમ. મહિલા કોલેજનું શ્રેષ્ઠ પરિણામ જાહેર

### અવની દુધાત, બંસી હરખાણી અને રવિના બોરડ અગ્રેસર







અમરેલી, તા. ૨૫

અમરેલી ખાતે જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.કોમ. મહિલા કોલેજનું એમ.કોમ.સેમ. ૩નું ૯૧ ટકા પરિણામ અને ૧૦૦ ટકા ડિસ્ટીંકશન આવેલ છે. કોલેજના વિદ્યાર્થીની અવની દુધાત, બંસી હરખાણી અને રવિના બોરડે અનુકમે ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ સ્થાન મેળવીને કોલેજનું ગૌરવ વધારેલ હોય ટ્રસ્ટી અને સ્ટાફગણે શુભેચ્છા પાઠવી છે.

## સાવરકુંડલા ખાતે ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા, તા. ૨૫

શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા સ્વામિનારાયણ વિદ્યાલય જેસર રોડ સાવરકુંડલા દ્વારા ગ્રાહક સુરક્ષા દિવસ અંતર્ગત કન્ઝ્યુમર ક્લબ દ્વારા સુંદર ગ્રાહક જાગૃતિ માટેનો કાર્યક્રમ ઉજવાયો જેમાં જેસર રોડ ગુરૂકુળના વિદ્યાર્થીઓએ સુંદર ગ્રાહક જાગૃતિ અને બિલનું મહત્વ દર્શાવતું નાટક રજૂ કર્યું તેમજ શાળાના આચાર્ય કૌશિકગિરી ગોસ્વામીએ ગ્રાહક જાગૃતિ અંગે વિદ્યાર્થીઓને વાકેફ કર્યા આજના દિવસે ૨૪ ડિસેમ્બર રાષ્ટ્રિય ગ્રાહક અધિકાર દિન નિમિત્તે



સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુકત દાસજી સ્વામી તથા સંસ્થાના ડાયરેક્ટર વ્યાસ હાજર રહી માર્ગદર્શન આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ રમેશભાઈ હિરાણી, કન્વીનર ડો. રવિભાઈ મહેતા સાથે ગ્રાહક સુરક્ષા મંડળના પ્રતિનિધિ પાંધી હેઠળ કરવામાં આવેલ.

# ખડસલી કલસ્ટરમાં રાષ્ટ્રીય ખેડૂત દિવસની ઉજવણી, ૧૨૯ ખેડૂતોએ લીધો નવિન ખેતીનો માર્ગદર્શન લાભ



અમરેલી જિલ્લાના ખડસલી કલસ્ટરના દાધિયા ગામમાં ગઈકાલે રાષ્ટ્રીય ખેડૂત દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી. આ કાર્યક્રમ દાધિયા ગામના પ્રગતિશીલ ખેડૂત હર્ષદભાઈ ભાલાવાળાના ખેતરમાં આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૨૯ જેટલા ખેડૂત અને મહિલાઓ હાજર રહ્યા હતા. કંકુ-તિલક ધ્વારા સ્વાગત સમારોહ સાથે કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભમાં સ્વાગત ભાષણ અને કિસાન દિવસની ઉજવણીના ઉદ્દેશ અંગે હીરાભાઈ દિહોરાએ વિસ્તૃત રીતે માર્ગદર્શન આપ્યું. તેમણે ખેડૂતોને રાષ્ટ્રીય ખેડૂત દિવસનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે, ખેડૂત દેશની અર્થવ્યવસ્થાનો આધારસ્તંભ છે અને તેમની નવીનતા તથા મહેનતથી જ કૃષિ ક્ષેત્ર આગળ વધી રહ્યું છે. ત્યારબાદ મધુરભાઈ કાપડિયાએ ખેડૂત દિવસની વિગતો રજુ કરી અને ખેડૂત નવીનતા અંગે મહત્વપૂર્ણ માહિતી આપી. તેમણે બદલાતી ખેતી પધ્ધતિઓ, નવી ટેકનોલોજી અને બજારની માંગને અનુરૂપ ખેતી કેવી રીતે અપનાવવી તે અંગે પોતાના વિચારો રજુ કર્યા. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોએ કૃષિમાં ટેકનોલોજીના લાભ, મૂલ્યવર્ધન અને કુદરતી ખેતી અંગે પોતાના અનુભવો શેર કર્યા. ખુલ્લી પ્રશ્નાવલી દરમિયાન ખેડૂતોએ પોતાની સમસ્યાઓ રજુ કરવાની તક મળી, જેમાં ખેતી ખર્ચ, બજારભાવ, પાણી વ્યવસ્થાપન અને પાક સંરક્ષણ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. ATMA તરફથી પ્રતિનિધિ ધ્વારા ઓર્ગેનિક ખેતી, પ્રમાણપત્ર પ્રકિયા અને બજાર જોડાણ (માર્કેટ લિંકેજ) વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. ખેડૂતોને સમજાવવામાં આવ્યું કે ઓર્ગેનિક ખેતી ધ્વારા કેવી રીતે વધારે મુલ્ય મેળવી શકાય અને સીધા બજાર સાથે જોડાઈ શકાય. સુભાષભાઈએ ડુંગળી માટેની બાયો ઈનપુટ કીટ, રેઈન પાઈપ કીટ તેમજ FPO (Farmer Producer Organization)ના શેરધારક બનાવાના ફાયદાઓ અંગે માર્ગદર્શન આપ્યું તેમણે સમજાવ્યું કે FPO સાથે જોડાવાથી ખેડૂતોને સામૂહિક શકિત, ઓછા ખર્ચે ઈનપુટસ અને સારૂં બજાર મળે છે. કાર્યક્રમમાં પંકજભાઈ યાદવે 'SATHVAARO'પોટલ વિશે વિગતવાર માહિતી આપી. આ પોર્ટલ ધ્વારા ખેડૂતોને તાલીમ ટેકનિકલ માર્ગદર્શન અને વિવિધ યોજનાઓની માહિતી સરળતાથી મળી રહે તે અંગે સમજાવવામાં આવ્યું. કાર્યક્રમના અંતે તમામ ખેડૂતો માટે ફાર્મ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું. આ દરમિયાન ડ્રોન ધ્વારા છંટકાવ, મકાઈની ખેતી, ગ્રાઉન્ડ કવર, હળદર અને રતાળુની ખેતી સાથે મલ્ચિંગ પધ્ધતિ અંગે માહિતી આપવામાં આવી. આ ફાર્મ મુલાકાત દરમિયાન ટેકનિકલ માર્ગદર્શન અને વધુ વિગતવાર સમજણ ડો. રવિ પાટીલ ધ્વારા આપવામાં આવી. જેને ખેડૂતો તરફથી વિશેષ રસ અને પ્રતિસાદ મળ્યો. રાષ્ટ્રીય ખેડૂત દિવસની આ ઉજવણી ધ્વારા ખેડૂતોમાં નવીન ખેતી પધ્ધતિઓ, ટેકનોલોજીનો ઉપયોગ અને કુદરતી ખેતી પ્રત્યે જાગૃતિ ફેલાઈ છે. જે ભવિષ્યમાં ખેતીને વધુ નફાકારક અને ટકાઉ બનાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

